dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 115 | AD - 2026, Maha Sud - 13 | Saturday Dt. 31-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## સોનાના ભાવમાં ૧૦ ગ્રામે રૂા.૧૫૦૦૦નો ઘટાડો થતા સોનું રૂા.૧.૫૪ લાખે પહોંચ્યું

# ચાંદી કડડભૂસ : એક દિવસમાં પ્રતિ કિલોએ રૂા. ૬૭૦૦૦ ઘટ્યા

મુંબઈ,તા.૩૦

૩૦ જાન્યુઆરીએ સોના અને ચાંદીના બજારમાં ઘટાડો જોવા મળ્યો. પ્રોફિટ બુકિંગને કારણે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ચાંદીના ભાવ રૂ.૬૭,૦૦૦ (૧૭%) ઘટ્યા. ૧ કિલો ચાંદીનો ભાવ ઘટીને રૂ.૩.૩૨ લાખ થયો, જોકે હવે એમાં થોડો સુધારો થયો છે અને એ ૧૨% ઘટીને લગભગ રૂ.૩.૫૧ લાખ પર ટ્રેડ થઈ રહ્યો છે. આજે MCX પર સોનામાં પણ રૂ.૧૫,૦૦૦ (૯%)નો ઘટાડો થયો હતો. ૧૦ ગ્રામ સોનાનો ભાવ ઘટીને રૂ.૧.૫૪ લાખ થયો હતો, જોકે હવે સોનામાં થોડો સુધારો થયો છે અને એ રૂ.૧.૬૪ લાખ પર ટ્રેડ થઈ રહ્યો છે, જે ૩% ઘટીને છે. દરમિયાન સોના અને ચાંદીના ETFમાં આજે ૨૩% સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. બુલિયન માર્કેટમાં ચાંદીના ભાવ રૂ.૨૨,૮૨૫ અને સોનાના ભાવ રૂ.૬,૮૬૫ ઘટ્યા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીના ભાવ ઘટીને રૂ.૩,૫૭,૧૬૩ પ્રતિ કિલો થઈ ગયા છે. ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ઘટીને ૧,૬૮,૪૭૫ રૂપિયા થઈ ગયો છે. MCX: આ સોના અને ચાંદીના વેપાર માટેનું એક ઓનલાઈન પ્લેટફોર્મ છે. શેરબજારની જેમ, દર સેકન્ડે બોલી લગાવવામાં આવે છે, જેના કારણે કિંમતોમાં સતત વધઘટ થાય છે. બુલિયન માર્કેટ આ તે જગ્યા છે જ્યાં તમે ફિઝિકલ સોનું અને ચાંદી ખરીદો છો.



સોનાના પરિવહન, પરિવહન અને સંગ્રહનો ખર્ચ શામેલ છે. IBJAના સોનાના ભાવમાં ૩% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતા, તેથી શહેરોના ભાવ એનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે. આ વર્ષે જાન્યુઆરીના ૨૯ દિવસમાં જ સોનાની કિંમત ૩૫,૨૮૦ રૂપિયા વધી ગઈ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું ૧,૩૩,૧૯૫ રૂપિયાનું હતું, જે હવે ૧,૬૮,૪૭૫ રૂપિયા થઈ ગયું છે. બજારના વિશ્લેષકોના મતે, સોનું અને ચાંદી જે રીતે રેકોર્ડ હાઈ પર હતા, ત્યાંથી મોટા રોકાણકારોએ નફો બુક કરવાનું શરુ કર્યું છે. આ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતી અને આંતરરાષ્ટ્રીય સ્તરે બદલાતા આર્થિક સમીકરણોને કારણે કિંમતી ધાતુઓના ભાવમાં આ સળવળાટ જોવા મળી રહ્યો છે. જોકે કેટલાક નિષ્ણાતો એવો દાવો કરે છે કે અમેરિકામાં ફેડના ચેરમેનનો કાર્યકાળ પૂર્ણ થવા જઈ રહ્યો છે. તેમનાથી ટ્રમ્પ પહેલાથી જ નારાજ હતા. જો કે હવે ટ્રમ્પ જેમને નવા ફેડ ચેરમેન બનાવવા માગે છે તેમની નીતિઓ કડક હોય છે અને તે પોલિસી રેટને હાઈ રાખવામાં માને છે. જો એવું થશે તો તે સોના અને ચાંદીના બજાર માટે સુરક્ષિત નહીં મનાય એટલા માટે જ સોના-ચાંદીના બજારમાં કડાકો દેખાઈ રહ્યો છે. રિસર્ચ હેડ ડો. રેનિશા ચૈનાની અનુસાર જો અમેરિકી ટેરિફ અને મધ્યપૂર્વમાં તણાવ વધુ વધે છે, તો સોનું ૨૦૨૬માં ૧,૯૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી જઈ શકે છે, જ્યારે ચાંદી ૪ લાખ રૂપિયા સુધી જઈ શકે છે. ચાંદી ૨૯ દિવસમાં ૧,૨૬,૭૪૩ રૂપિયા મોંઘી થઈ ગઈ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ એક કિલો ચાંદીની કિંમત ૨,૩૦,૪૨૦ રૂપિયા હતી, જે હવે ૩,૫૭,૧૬૩ રૂપિયા પ્રતિ કિલો પહોંચી ગઈ છે.

# સામાન્ય બજેટ ૧ ફેબ્રુઆરીથી શરૂ, અનેક વસ્તુના ભાવ બદલાશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩૦

દેશનું સામાન્ય બજેટ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રજૂ કરવામાં આવશે, ત્યારે રોજિંદા જીવનને લગતા ઘણા મુખ્ય નિયમોમાં પણ ફેરફારો લાગુ કરવામાં આવશે. ગેસ સિલિન્ડરથી લઈને સિગારેટ, ઈંધણથી લઈને બેંકિંગ અને ફાસ્ટેગ સુધી, દરેક ક્ષેત્રમાં થોડો ફેરફાર શક્ય છે. તેથી, એ જાણવું મહત્વપૂર્ણ છે



કે ૧ ફેબ્રુઆરીથી કયા ફેરફારો થવાની સંભાવના છે અને તે તમારા જીવનને કેવી અસર કરશે.


એલપીજીની સાથે એર ટર્બાઈન ફયુઅલ (એટીએફ)ના નવા ભાવ ૧ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. એટીએફના ભાવમાં ફેરફાર સીધો વિમાન ભાડા પર અસર કરે છે. ગયા મહિને, ૧ જાન્યુઆરીએ, દિલ્હીમાં એટીએફના ભાવમાં આશરે ૭% ઘટાડો કરવામાં આવ્યો હતો. વધુમાં, સીએનજી અને પીએનજીના ભાવમાં પણ ફેરફાર શક્ય છે, જે વાહન ચલાવવા અને ઘરેલુ ગેસના ખર્ચને અસર કરી શકે છે. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી તમાકુ ઉત્પાદનો અને પાન મસાલા પર વધારાનો કર લાદવામાં આવી શકે છે. ફાસ્ટેગ વપરાશકર્તાઓ માટેના નિયમો પણ ૧ ફેબ્રુઆરીથી બદલાવાના છે. એનએચએઆઈ અનુસાર, કાર, જીપ અને વાન માટે ફાસ્ટેગ જારી કરવા માટે કેવાયસી ચકાસણી પ્રક્રિયામાં સુધારો કરવામાં આવ્યો છે, જે નવા વપરાશકર્તાઓને રાહત આપી શકે છે.




# મહારાષ્ટ્ર કોંગ્રેસના કાઉન્સિલરોનું બસમાંથી અપહરણ કરવાનો પ્રયાસ થતા ખળભળાટ

(એચ.એસ.એલ),ચંદ્રપુર,તા.૩૦

મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં ગુરુવારે એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી. કેટલાક માસ્ક પહેરેલા લોકોએ બસમાંથી તાજેતરમાં ચૂંટાયેલા કોંગ્રેસ પાર્ટીના કાઉન્સિલરોનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો. અહેવાલો અનુસાર, કાઉન્સિલરો ચંદ્રપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા ચૂંટાયેલા સભ્યો હતા અને નાગપુર જઈ રહ્યા હતા. પોલીસે અડધો ડઝન લોકો સામે કેસ દાખલ કર્યો છે અને એક વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના નાગપુરને




અડીને આવેલા વર્ધા જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે નજીક બની હતી.

બસમાં મુસાફરી કરી રહેલા એક વરિષ્ઠ કોંગ્રેસ કાઉન્સિલરે કહ્યું કે પાર્ટી સમર્થકો સમયસર બચાવમાં આવ્યા અને પોલીસે પણ તાત્કાલિક કાર્યવાહી કરી, જેના કારણે અપહરણનો પ્રયાસ નિષ્ફળ ગયો. પાર્ટી સૂત્રો અનુસાર, આ ૧૭ થી ૧૮ કાઉન્સિલરો કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વાડેટ્ટીવારના વફાદાર હતા. તેઓ નાગપુર જઈ રહ્યા હતા, જ્યાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી જીત્યા બાદ તેમના જૂથે ડિવિઝનલ કમિશનરની ઓફિસમાં સત્તાવાર રીતે નોંધણી કરાવવાની હતી.

અહેવાલો અનુસાર, લગભગ ૨૦ અજાણ્યા વ્યક્તિઓ, જેમણે તેમના ચહેરા ઢાંકેલા હતા, સાંજે ૫:૪૫ વાગ્યે યેલકેલી ટોલ પ્લાઝા નજીક પહોંચ્યા. તેઓ ચારથી છ વાહનોમાં હતા અને કોંગ્રેસના કાઉન્સિલરોને બસમાંથી બળજબરીથી દૂર કરવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન, કેટલાક કોંગ્રેસના કાર્યકરો ઘટનાસ્થળે પહોંચ્યા, જેના કારણે બંને જૂથો વચ્ચે અથડામણ થતાં વાતાવરણ તંગ બન્યું. માહિતી મળતાં, સાવંગી પોલીસ સ્ટેશનની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. પક્ષના કાર્યકરોએ નાગપુરના રહેવાસી કાનૈન સિદીકી નામના એક આરોપીની ધરપકડ કરી. પોલીસે તેની ધરપકડ કરી છે.

# પં.બંગાળની સરહદી જમીન બીએસએફને સોંપવા હાઈકોર્ટનો આદેશ

કોલકતા,તા.૩૦

કોલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને ૩૧ માર્ચ સુધીમાં નવ સરહદી જિલ્લાઓમાં સંપાદિત જમીન બીએસએફને સોંપવાનો આદેશ આપ્યો છે. ભારત-બાંગ્લાદેશ સરહદના ૨,૨૧૬ કિમીથી વધુ વિસ્તારમાં વાડ બનાવવાનું કામ અધૂરું રહ્યું છે, જેનાથી સુરક્ષા ચિંતાઓ ઉભી થઈ છે. આ કેસ એક ભૂતપૂર્વ સૈન્ય અધિકારી દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલથી શરૂ થયો હતો, જેમાં રાજ્ય સરકારને જમીન ન સોંપવા બદલ ટીકા કરવામાં આવી હતી. ભારત-બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા મજબૂત કરવા માટે કોલકાતા હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને ૩૧ માર્ચ સુધીમાં નવ સરહદી જિલ્લાઓમાં સંપાદિત જમીન બીએસએફને સોંપવાનો નિર્દેશ આપ્યો છે જેથી અધૂરી સરહદ વાડનું કામ પૂર્ણ થઈ શકે. ભારત-બાંગ્લાદેશ સરહદના કુલ ૪,૦૯૬ કિલોમીટરમાંથી ૨,૨૧૬ કિલોમીટરથી વધુ વિસ્તાર પશ્ચિમ બંગાળમાં આવેલો છે. અનેક કેબિનેટ મંજૂરીઓ અને સંપાદન પૂર્ણ થવા છતાં, સરહદનો મોટો ભાગ વાડ વગરનો રહે છે, જેના કારણે ઘૂસણખોરી, દાણચોરી, નકલી ચલણ અને માદક દ્રવ્યોના ગુનાઓમાં વધારો થવાનું જોખમ વધી રહ્યું છે.






રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને અને ઉદ્યોગપતિઓ, પદાધિકારીઓની હાજરીમાં

# અમરેલી ITI ખાતે સ્કિલ એક્સ્પોનો ભવ્ય શુભારંભ

અમરેલી,તા.૩૦

કાયદો તથા ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને અમરેલીની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે સ્કિલ એક્સ્પોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્સ્પોનો ઉદ્દેશ આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓમાં ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો. અમરેલી ITI ખાતે યોજાયેલા આ સ્કિલ એક્સ્પોમાં સંસ્થાના જુદા જુદા ૨૨ ટ્રેડના વિદ્યાર્થીઓ દ્વારા ૮૦થી વધુ વર્કિંગ મોડલ તૈયાર કરી પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓએ પોતાની ટેકનિકલ કુશળતા, નવીન વિચારો અને વ્યવહારુ જ્ઞાનનો સુંદર પરિચય આપ્યો હતો, જેને ઉપસ્થિત મહેમાનો અને પ્રાધ્યાપકોએ વખાણ્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્‌વાનના પગલે દેશભરમાં 'સ્કિલ ઈન્ડિયા' મિશન અંતર્ગત યુવાનોને રોજગારલક્ષી કૌશલ્ય આપવામાં આવી રહ્યું છે. આઈ. ટી.આઈ. જેવી સંસ્થાઓ યુવાનોને આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. તાલીમાર્થીઓ ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કૌશલ્ય મેળવીને સ્વરોજગાર કે રોજગારની તકો મેળવી શકે



તે દિશામાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે યુવાનોને પ્રેરણા પુરી પાડતા વધુમાં જણાવ્યું હતું કે, યુવાનોમાં અપાર ક્ષમતા અને શક્તિ રહેલી છે. યુવાનોને યોગ્ય મંચ મળે તો તેઓ પોતાના કૌશલ્યનો પરિચય આપી શકે છે અને યોગ્ય મંચથી ઉજાગર કરી શકે છે. અમરેલી જિલ્લાના દરેક તાલીમાર્થી પોતાનામાં રહેલી શક્તિઓને ઉજાગર કરી અમરેલીના સર્વાંગી વિકાસ માટે યોગદાન આપે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં અમરેલી ITIના અધિકારીઓ, શિક્ષકગણ, તાલીમાર્થીઓ તેમજ વિવિધ મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે ઔદ્યોગિક તાલીમ સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓ, અમિત સોલંકી, હરદિપ મેર અને વિવેક ચૌહાણનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે આઈ.ટી.આઈ અમરેલીના આચાર્ય ટી.એમ. ભટ્ટ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું અને મહાનુભાવોનો સ્વાગત સત્કાર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લાની વિવિધ આઈ. ટી.આઈ.ના આચાર્યો, શિક્ષકો, અગ્રણી અતુલભાઈ કાનાણી, શીતલ આઈસક્રીમના ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, એલ.એન્ડ ટી. ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિ પંકજભાઈ મિશ્રા, ઉમેશભાઈ પાંડે, પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિ મોહિતભાઈ, ભાવેશભાઈ ભાલિયા ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં ડિજિટલ ડાકુનો આતંક

# નકલી APK ફાઈલ મોકલી ત્રણ લોકોના ખાતામાંથી રૂ.૫.૭૫ લાખની ઉઠાંતરી

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં સાયબર ગુનેગારો હવે નવા પેંતરા અજમાવી રહ્યા છે. માત્ર એક લિંક કે APK ફાઈલ મોકલીને મોબાઈલ હેક કરી, બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડમાંથી લાખો રૂપિયા ઉપાડી લેવાના ત્રણ અલગ-અલગ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. અમરેલીમાં રહેતા કાળુભાઈ નાથાભાઈ સાવલીયા (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમના બેંકના બચત ખાતાને સાયબર ઠગોએ નિશાન બનાવ્યું હતું. ઠગોએ ફરિયાદીના વોટ્સએપ પર 'RTO APK' નામની એક શંકાસ્પદ ફાઈલ મોકલી હતી. જેવી આ ફાઈલ ડાઉનલોડ થઈ કે તુરંત ફરિયાદીનો મોબાઈલ હેક થઈ ગયો હતો. ઠગોએ ફરિયાદીની જાણ બહાર તેમના ક્રેડિટ કાર્ડ પર રૂ.૩.૨૦ લાખની લોન કરાવી લીધી હતી. ત્યારબાદ, ખાતામાં રહેલી બચત અને લોનની રકમ મળી કુલ રૂ.૩,૬૪,૯૧૨/- અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી. ખાંભા પંથકમાં બનેલી અન્ય એક ઘટનામાં વનરાજભાઈ બાલુભાઈ ભીલ (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, ગત ૨૬ જાન્યુઆરીના રોજ ફરિયાદીના મોબાઈલ પર 'SBI CREDIT CARD APK' નામની ફાઈલ મોકલવામાં આવી હતી. ભૂલથી આ એપ્લિકેશન ડાઉનલોડ થતા જ ફરિયાદીની ગોપનીય માહિતી સાયબર ઠગ પાસે પહોંચી ગઈ હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે પશ્ચિમ બંગાળના કોલકાતાના સૌરવ મોંડલ નામના શખ્સે ટેકનિકલ સોર્સ દ્વારા ઈન્ડસઈન્ડ બેંકના એટીએમનો ઉપયોગ કરી ફરિયાદીના એસબીઆઈ ખાતામાંથી રૂ.૧,૧૫,૧૪૨/- ઉપાડી લીધા હતા. નવાઈની વાત એ છે કે આ પ્રક્રિયામાં ફરિયાદીને કોઈ ઓટીપી (OTP) પણ મળ્યો નહોતો. ત્રીજા કિસ્સામાં જાફરાબાદના મોટા ઉચાણીયામાં રહેતા ચેતનભાઈ મુકુંદરાય પારેખ (ઉ.વ.૪૬) એ જાહેર કર્યા પ્રમાણે, એક અજાણ્યા નંબર પરથી ફરિયાદીને ફોન આવ્યો હતો અને સામેવાળા શખ્સે પોતાની ઓળખ HDFC બેંકના મેનેજર તરીકે આપી હતી. વિશ્વાસમાં લઈ ઠગે વોટ્સએપ પર એક લિંક મોકલી હતી. આ લિંક ઓપન કરતા જ ફરિયાદીના ક્રેડિટ કાર્ડમાંથી બે ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂ.૯૫,૪૭૩/- ઉપડી ગયા હતા. આ ત્રણેય કિસ્સાઓમાં અજાણ્યા સ્ત્રોત દ્વારા મોકલવામાં આવેલી લિંક અથવા APK ફાઈલ સમાન બાબત હતી. પોલીસે લોકોને કોઈપણ અજાણ્યા નંબર પરથી આવતી ફાઈલ ડાઉનલોડ ન કરવી અને બેંકના નામે આવતા શંકાસ્પદ કોલથી સાવધ રહેવા અપીલ કરી હતી.

# ગજેરા ટ્રસ્ટ સ્કૂલ-કોલેજમાં પ્રજાસત્તાક દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી

અમરેલી,તા.૩૦



અમરેલીમાં શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ ખાતેના લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ-કોલેજ વિભાગમાં ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ત્યારબાદ NCC પરેડ, કવાયત, એક સુર એક તાલ, યોગા અને જીમ્નાસ્ટિક જેવા કાર્યક્રમો યોજાયા હતા.

# GIDCને લઈ લાઠી ચેમ્બર દ્વારા સરકારમાં રજૂઆત

લાઠી,તા.૩૦

લાઠી શહેર અને આસપાસના વિસ્તારમાં ઉદ્યોગોના વિકાસ માટે વર્ષોથી પડતર GIDC (ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ)ની માંગણીને લઈને લાઠી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ફરી એકવાર સરકારમાં ધારદાર રજૂઆત કરવામાં આવી છે. લાઠી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મેઘાભાઈ ડાંગરના જણાવ્યા અનુસાર, તેઓ ૨૦૦૪થી લાઠીમાં GIDC માટે માંગણી કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૭માં સરકારે આ અંગે મંજૂરી પણ આપી હતી, પરંતુ તે માત્ર ચૂંટણીલક્ષી જાહેરાત સાબિત થઈ હોય તેમ જણાય છે. ઉદ્યોગકારોની મુખ્ય ફરિયાદ એ છે કે લાઠી જેવા નાના કેન્દ્રમાં જંત્રીના દર ભાવનગર કે અમદાવાદ જેવા મહાનગરો કરતા પણ વધારે છે. આ ઉંચા દરોને કારણે નવા ઉદ્યોગો સ્થાપવા મુશ્કેલ બની રહ્યા છે. યોગ્ય પ્રોત્સાહન અને સુવિધાના અભાવે લાઠીના સ્થાનિક ઉદ્યોગો ભાંગી પડ્યા છે. જો GIDC કાર્યરત થાય, તો વિસ્તારમાં ફરીથી ઔદ્યોગિક ક્રાંતિ આવી શકે તેમ છે. તાજેતરમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કૌશિકભાઈ વેકરીયા, જનકભાઈ, રાજ્યસભાના સાંસદ ભરતભાઈ તથા ગોવિંદભાઈ ધોળકિયા સાથે આ અંગે સકારાત્મક ચર્ચા કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ પ્રશ્નના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવશે. જયારે હરેશભાઈ પઢીયારે જણાવ્યું હતુ કે, લાઠીના ચારથી પાંચ ઉદ્યોગપતિઓ પોતાનો ઉદ્યોગ અહીંયા લાઠીમાં બનાવે તો પણ લાઠી તાલુકાના લોકોને બહાર જાવું ન પડે તો ચેમ્બરના પૂર્વ પ્રમુખ ચેતનભાઈ લીંબાણી જણાવે છે કે, ૨૦૧૭માં જીઆઈડીસી મંજૂરી મળી હતી જંત્રીના ભાવ વધારે હોવાના કારણે પ્લોટ ફાળવણી કરવામાં આવી જેથી જંત્રીના ભાવ નીચા આપવા જાઈએ તેવી અમારી માંગણી છે. વેપારીઓ અને ઉદ્યોગકારોની એક જ માંગ છે કે સરકાર જંત્રીના દરમાં ઘટાડો કરી વહેલી તકે GIDCનું નિર્માણ કરે જેથી સ્થાનિક સ્તરે રોજગારી અને વેપારમાં વધારો થઈ શકે તેમ છે.

# રાજુલામાં યુવકે ક્રિપ્ટો કરન્સીના નામે રૂ.૭૫,૮૦૦ ગુમાવ્યા

રાજુલા, તા. ૩૦

રાજુલાના એક નોકરિયાત યુવકને ઠગબાજોએ શિકાર બનાવ્યો હતો. ઠગબાજોએ શેરબજારનું નુકસાન રિકવર કરવાના બહાને યુવકને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરાવી હજારો રૂપિયાની ઠગાઈ આચરી હતી. આ અંગે ગૌરવભાઈ ધીરૂભાઈ ટાંક (ઉ.વ.૨૨)એ જાનવી મોબાઈલ નં.૭૯૭૦૨૮૬૪૩૪, મો.નં.૭૬૧૭૩૫૭૫૪૩ ધારક તથા અભિષેક શર્મા મો.નં.૮૪૩૫૨૩૧૯૯૨ ધારક અને kamleshtawar નામનો QR કોડ ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ જાનવી નામની મહિલાએ શેરની ટિપ્સ આપી ફસાવ્યો હતો. ઘટનાની વિગત મુજબ, રાજુલાના ફરિયાદીનો સંપર્ક સૌપ્રથમ જાનવી નામની મહિલાએ (મોબાઈલ નંબરઃ ૭૯૭૦૨૮૬૪૩૪ અને ૭૬૧૭૩૫૭૫૪૩) કર્યો હતો. જાનવીએ ફરિયાદીને શેર ખરીદવાની લિન્ક અને ટિપ્સ આપી શરૂઆતમાં થોડો નફો કરાવી વિશ્વાસ જીત્યો હતો. જોકે, ત્યારબાદ શેરબજારના રોકાણમાં ફરિયાદીને મોટું નુકસાન ગયું હતું. જ્યારે ફરિયાદીને નુકસાન થયું ત્યારે અભિષેક શર્મા (મોબાઈલ નંબરઃ ૮૪૩૫૨૩૧૯૯૨) નામના શખ્સે તેમનો સંપર્ક કર્યો હતો. અભિષેકે ફરિયાદીને લાલચ આપી હતી કે જો તેઓ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરશે તો તેમનું શેરબજારનું તમામ નુકસાન રિકવર થઈ જશે. આ માટે તેણે ફરિયાદીને 'META TRADER 5' નામની એપ્લિકેશનમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું. ત્યારબાદ, 'કમલેશ ટાવર' નામના વ્યક્તિનો QR કોડ મોકલી અને ગૂગલ પે (UPI) દ્વારા કટકે-કટકે રૂ.૩,૬૦૦, રૂ.૨,૨૦૦, રૂ.૧,૬૦૦ અને રૂ.૬,૫૦૦ પડાવ્યા હતા. એટલું જ નહીં, ઠગબાજોએ એક બેંક ખાતામાં પણ રૂ.૨૦,૦૦૦, રૂ.૧૧,૯૦૦ અને રૂ.૩૦,૦૦૦ જમા કરાવ્યા હતા. આમ, અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂ.૭૫,૮૦૦/- મેળવી લઈ ફરિયાદી સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી.

# રાજુલામાં બેંકમાંથી છોડાવેલું સોનું લઈ ફરાર થયેલી ટોળકી ગણતરીના કલાકોમાં ઝડપાઈ

રાજુલા, તા.૩૦

અમરેલી જિલ્લાના રાજુલામાં એક પૂર્વ આયોજિત કાવતરા દ્વારા ખાનગી ફાઈનાન્સ કંપનીના કર્મચારી સાથે લાખોની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી હતી. ચાર શખ્સોની ટોળકીએ સોનું છોડાવવાના બહાને કંપની પાસેથી પૈસા ભરાવી, બાદમાં નજર ચૂકવીને સોનાના ઘરેણાંની ચોરી કરી નાસી છૂટ્યા હતા. રાજુલા પોલીસે ગણતરીના કલાકોમાં જ ચારેય આરોપીને દબોચી લીધા હતા. મૂળ બનાસકાંઠાના ધાનેરાના અને હાલ જુનાગઢમાં રહી નોકરી કરતા નરશાજી રાજાજી રાજપુત (ઉ.વ.૨૮)એ રવીરાજ મરમલ, લાલજીભાઈ બીજલભાઈ લાખણોત્રા રહે.જુની બારપટોળી, હુસૈનભાઈ ઉર્ફે ટીકો રહીમભાઈ નાગરીયા તથા તથા કલદીપભાઈ મનુભાઈ સાંડસુર નામના ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો અનુસાર, જુની બારપટોળી ગામના લાલજીભાઈ બીજલભાઈ લાખણોત્રાના સોનાના દાગીના રાજુલાની બેંકમાં ગીરો પડેલા હતા. આ દાગીના છોડાવવા માટે રવીરાજ મરમલે તેમની કંપનીમાં ઈન્કવાયરી કરી હતી અને વિશ્વાસ અપાવ્યો હતો કે તેઓ દાગીના છોડાવીને કંપનીને સોંપી દેશે. આ વાત પર ભરોસો



રાખી ફરિયાદીની કંપનીએ RTGS દ્વારા રૂ.૪,૧૨,૦૧૨ બેંકમાં જમા કરાવ્યા હતા. બેંકમાં નાણાં જમા થયા બાદ લાલજીભાઈ લાખણોત્રાએ સોનાના ઘરેણાં મેળવી લીધા હતા અને નિયમ મુજબ તેમને સોંપ્યા હતા. ત્યારબાદ ચારેય આરોપીઓએ તેમને અને સાહેદને તેમની કારમાં બેસાડ્યા હતા અને કહ્યું હતું કે, અમે તમને થોડે દૂર ઉતારી દઈશું. મુસાફરી દરમિયાન ચારેય શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરા મુજબ તેમની નજર ચૂકવી હતી. કારમાં બેઠેલા આરોપીએ તેમના પેન્ટના ખિસ્સામાં રહેલી સોનાના ઘરેણાંની કોથળી છળકપટથી કાઢી લીધી હતી. તેમને જાણ થાય તે પહેલા જ આરોપીઓ દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં આરોપીને દબોચી લીધા હતા. આ કામગીરી રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ.કોલાદરાની સુચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ ભરતભાઈ મુહાભાઈ વાળા તથા સર્વેલન્સ સ્કવોડના એ.એસ.આઈ.મધુભાઈ નથુભાઈ પોપટ હે. કોન્સ્ટેબલ્સ હરપાલસિંહ વિક્રમસિંહ ગોહીલ, મનુભાઈ રામભાઈ માંગાણી, સુરેશભાઈ ઠાકરશીભાઈ મેર, પ્રકાશભાઈ શામજીભાઈ બાબરીયા, સુરજભાઈ સોમાતભાઈ બાંભણીયા તથા પોલીસ કોન્સ્ટેબલ્સ અમીતભાઈ તુળસીભાઈ મકવાણા અને ભોળાભાઈ ભાભલુભાઈ ભુંકણ દ્વારા કરવામાં આવી હતી.

### આરોપીઓની આવી હતી મોડસ ઓપરેન્ડી

આરોપીઓ ગોલ્ડ લોન માટે બેંકમાં ગીરવે મુકેલ સોનાના દાગીના છોડાવવા માટે, દાગીના છોડાવી આપતી ફાઇનાન્સ કંપનીનો સંપર્ક કરી, ફાઇનાન્સ કંપનીના કર્મચારીને વિશ્વાસમાં લઇ, ફાઇનાન્સ કંપની પાસે પૈસા જમા કરાવી સોનાના દાગીના છોડાવી, ફાઇનાન્સ કંપનીના કર્મચારીને ફોર વ્હીલમાં બેસાડી નજર ચુકવી સોનાના દાગીનાની ચોરી કરતા હોવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હતા.

### આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ

આરોપીઓ લાંબા સમયથી અલગ-અલગ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. જેમાં સુરતના એક ગંભીર ગુનામાં છેલ્લા છ મહિનાથી નાસતા ફરતા આરોપીનો પણ સમાવેશ થાય છે. રવિરાજભાઇ મધુભાઇ મરમલ (ઉ.વ. ૩૨, રહે. જૂની બારપટોળી) મુખ્ય છે. પોલીસ રેકોર્ડ મુજબ, તે સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છેતરપિંડી અને ગુનાહિત કાવતરાના કેસમાં ઓગસ્ટ-૨૦૨૫ થી નાસતો ફરતો હતો. આ ઉપરાંત, તેની સામે અગાઉ રાજુલા પોલીસ સ્ટેશનમાં ગંભીર ઇજા પહોંચાડવા અંગેનો ગુનો પણ નોંધાયેલ છે. આરોપી લાલજીભાઇ બીજલભાઇ લાખણોત્રા અગાઉ જુગારધારાના કેસમાં તેમજ મોટર વ્હીકલ એક્ટ અને ધાક-ધમકી આપવાના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. જ્યારે હુસૈનભાઇ ઉર્ફે ટીકો રહીમભાઇ નાગરીયા સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન (દારૂબંધી) ના બે અલગ-અલગ ગુનાઓ તેમજ એટ્રોસીટી એક્ટ અને ધાક-ધમકી આપવા જેવી ગંભીર કલમો હેઠળ ગુના નોંધાયેલા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# જાફરાબાદ પોલીસ સ્ટેશન ખાતે એસ.પી.નો લોકદરબાર અને સન્માન સમારોહ યોજાયો

જાફરાબાદ,તા.૩૦

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં જાફરાબાદ પોલીસ સ્ટેશન ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સ્થાનિક સરપંચો, વિવિધ સમાજના આગેવાનો, પદાધિકારીઓ, વેપારીઓ અને કંપનીના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સુરક્ષા વ્યવસ્થા



અને સામાજિક સુખાકારીના વિવિધ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને, ગ્રામ્ય વિસ્તારમાં સુરક્ષાના હેતુથી CCTV કેમેરા લગાવવાની પહેલ કરનાર સરપંચો અને ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓનું પોલીસ અધિક્ષક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

**રહેણાંક મકાનની આડમાં નકલી બીડી, તમાકુ બનાવવાની ફેક્ટરી ધમધમતી હતી**

# અમરેલીમાં નકલી બીડી-તમાકુની ફેક્ટરી પર પોલીસનો દરોડો

**પોલીસે રૂા.૪.૩૬ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ કરી**

અમરેલી,તા.૩૦

અમરેલી શહેરમાં બ્રાન્ડેડ કંપનીઓના નામે નકલી બીડી અને તમાકુ બનાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. અમરેલી સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચે બાતમીના આધારે શહેરના મણીનગર વિસ્તારમાં દરોડા પાડી ગેરકાયદેસર ફેક્ટરી ઝડપી પાડી છે. અમરેલીના એસ.પી. સંજય ખરાતની સૂચનાથી SOB ના પી. આઈ. આર.ડી. ચૌધરી અને તેમની ટીમે મણીનગર સ્થિત સાઈબાબા મંદિર પાસેના એક રહેણાંક મકાનમાં ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસને માહિતી મળી હતી કે અહીં રહેણાંકની આડમાં પ્રખ્યાત





કંપનીઓના નામે નકલી તમાકુ પેક કરવામાં આવે છે. પોલીસે કુલ રૂ. ૪,૩૬,૩૧૫/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં મુખ્ય આરોપી ઈરફાન ઈસ્માઈલભાઈ પઠાણની ધરપકડ કરવામાં આવી છે. જપ્ત કરાયેલો તમામ માલ-સામાન અમરેલી સિટી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આ નકલી માલ ક્યાં સપ્લાય કરવામાં આવતો હતો અને આ નેટવર્કમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે કેમ, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**પોલીસને બનાવટી વસ્તુઓ સ્થળ પરથી મળી આવી**

બાગબાન, સુરેશ કંપનીની નકલી તમાકુ અને ચારભાઈ, સંભાજી કંપનીની નકલી બીડીઓ, તૈયાર માલ, કાચો માલ (રો મટીરિયલ) અને પેકેજિંગ મશીનરી, ડુપ્લીકેટ હોલમાર્ક સિક્કા અને બ્રાન્ડેડ કંપનીના નકલી સ્ટીકરો સહિતની વસ્તુઓ મળી હતી.

**અમરેલીના ગ્રામ્ય પંથકોમાં નકલી માલ વેચાતો હતો**

અમરેલીના રહેણાંક મકાનમાં નકલી બીડી, તમાકુ બનાવવામાં આવતી હતી આ અંગે એસઓજી પી.આઈ. ચૌધરીએ જણાવ્યું હતું કે, આ નકલી બીડી, તમાકુનું અમરેલીના ગ્રામ્ય પંથકોમાં વેચાણ કરવામાં આવતુ હતું. કારણ કે ગ્રામ્ય પંથકોમાં શ્રમિકોની સંખ્યા વધારે હોય અને તેઓ અભણ અને અજ્ઞાન હોવાથી અસલી-નકલીનો તફાવત પારખી શકતા નથી જેથી જ આ વસ્તુઓનું ગ્રામ્ય વિસ્તારમાં વધુ વેચાણ કરવામાં આવતુ હતું. અમરેલી શહેરમાં બનતી નકલી બીડી, તમાકુનું સિટી વિસ્તારમાં વેચાણ કરવામાં આવતુ નહોતું.

# બાબરા હાઈવે પર પૂરપાટ ઝડપે આવતી સ્વીફ્ટ કારે બાઈકને ફંગોળ્યું, એકનું મોત

બાબરા, તા. ૩૦

લાઠી-બાબરા હાઈવે પર દેવાંગી હોટલ પાસે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિનું કરુણ મોત નિપજ્યું હતું. પૂરપાટ ઝડપે આવતી એક સ્વીફ્ટ કારના ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો. લાઠીના વીરપુર ગામે રહેતા મહેશભાઈ શાંતિભાઈ ચૌહાણે સ્વીફ્ટ ફોરવ્હીલ ગાડી નં.GJ-૧૪-BA-૭૮૬૦ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ અને મરણજનાર બંને મિત્રો પોતાના મોટરસાયકલ (નંબર GJ-૧૪-J-૧૯૯૧) પર સવાર થઈને વીરપુર (તા. લાઠી) થી ગળકોટડી થઈ બાબરા તરફ જઈ રહ્યા હતા. મોટરસાયકલ ફરિયાદી ચલાવી રહ્યા હતા, જ્યારે મરણજનાર પાછળની સીટ પર બેઠા હતા. જ્યારે તેઓ ગળકોટડી ગામથી બાબરા તરફ જતા સમયે દેવાંગી હોટલ પાસે પહોંચ્યા, ત્યારે સામેથી આવતી એક સફેદ સ્વીફ્ટ કાર (નંબર GJ-૧૪-BA-૭૮૬૦) ના ચાલકે પોતાનું વાહન અત્યંત પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટરસાયકલને સીધી ટક્કર મારી હતી. જેમાં પાછળ બેઠેલા યુવકને માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજ્યું હતું. જ્યારે મોટરસાયકલ ચલાવનાર ફરિયાદીને કમર અને પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.

**રૂ.૧.૯૨ લાખની છેતરપિંડી આચરવામાં આવી**

# 'ઈ-ચલણ' એપ્લિકેશન ડાઉનલોડ કરતા જ બાબરાના યુવકનું બેંક ખાતું સાફ

બાબરા, તા. ૩૦

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ભીલા ગામે સાયબર ઠગાઈનો એક નવો અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં ડિજિટલ યુગમાં જાગૃતિના અભાવે એક વ્યક્તિએ પોતાના બેંક ખાતામાંથી અંદાજે બે લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હતો. સાયબર ઠગોએ 'e Challan.apk' નામની નકલી એપ્લિકેશન મોકલીને મોબાઈલ હેક કરી આ છેતરપિંડી આચરી હતી. આ અંગે રાજેશભાઈ પીઠાભાઈ ડેર (ઉ.વ.૩૬) એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગત મુજબ, કોઈ અજાણ્યા શખ્સે સૌપ્રથમ તેના સાથી કર્મચારીના મોબાઈલ પર વોટ્સએપમાં "e Challan. apk" નામની એક લિંક મોકલી હતી. જેવી આ એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં આવી, તે સાથે જ સાથી કર્મચારીનો ફોન હેક થઈ ગયો હતો. ત્યારબાદ, હેક થયેલા તે ફોનમાંથી ફરિયાદીના વોટ્સએપ પર પણ આ જ નકલી એપ્લિકેશન મોકલવામાં આવી હતી. આ અંગે રાજેશભાઈ પીઠાભાઈ ડેર (ઉ.વ.૩૬) એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. તેમણે જેવી આ એપ્લિકેશન પર ક્લિક કર્યું, તે સાથે જ તેમનો મોબાઈલ પણ હેક થઈ ગયો હતો. સાયબર ઠગોએ ફરિયાદીના મોબાઈલ પર નિયંત્રણ મેળવી લીધું હતું અને તેમના બેંક ખાતામાંથી કટકે-કટકે કુલ રૂ.૧,૯૨,૫૦૦/- ઉપાડી લીધા હતા. પોતાના ખાતામાંથી મોટી રકમ ઉપડી ગયાની જાણ થતા ફરિયાદીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ મામલે પોલીસે અજાણ્યા ઠગ વિરુદ્ધ ઓનલાઈન છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.આર. શેઠ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના હિંડોરણા ચોકડી ખાતે અદ્યતન પોલીસ ચોકીનું એસપી સંજય ખરાતના હસ્તે ભૂમિપૂજન

રાજુલા, તા. ૩૦

પ્રજાસત્તાક પર્વના પાવન અવસરે રાજુલા શહેરના પ્રવેશદ્વાર સમાન હિંડોરણા ચોકડી ખાતે નવી પોલીસ ચોકીનું અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના હસ્તે વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. નેશનલ હાઈવે પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી આ મહત્વપૂર્ણ



નિર્ણય લેવામાં આવ્યો હતો. અગાઉ હિંડોરણા ચોકડી ખાતે પોલીસ ચોકી કાર્યરત હતી, પરંતુ નેશનલ હાઈવેના કામકાજ દરમિયાન તેને તોડી પાડવામાં આવી હતી. રાજુલાના વેપારીઓ અને અગ્રણીઓએ પોલીસ સ્ટેશનની બેઠક દરમિયાન એસપી સંજય ખરાતને રજૂઆત કરી હતી કે હાઈવે પર ટ્રાફિક અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને અહીં ફરીથી પોલીસ ચોકી બનાવવી અનિવાર્ય છે. લોકભાવનાને માન આપી એસપીએ લોકસહયોગથી આ ચોકી બનાવવાની ખાતરી આપી હતી, જેનું આજે અમલીકરણ થયું છે.

# લીલીયામાં ધર્મનો જયઘોષ : RSSના ૧૦૦ વર્ષ નિમિત્તે ભવ્ય હિન્દુ સંમેલનનું આયોજન

લીલીયા મોટા, તા. ૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. આ શતાબ્દી મહોત્સવના ભાગરૂપે અમરેલી જિલ્લાના લીલીયા મોટા ખાતે આગામી દિવસોમાં એક ભવ્ય 'હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે તાજેતરમાં લીલીયાના BAPS



સ્વામિનારાયણ મંદિર ખાતે વિવિધ સામાજિક અને ધાર્મિક અગ્રણીઓની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંમેલનની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે કાંતિભાઈ શિંગાળાની વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે ગોવિંદભાઈ ચાવડા, મહેશભાઈ નાથાણી, બટુકભાઈ, મિતુલ દાદા અને ભરતભાઈ વેગડની નિમણૂક થઈ હતી. મંત્રી તરીકે વિઠ્ઠલભાઈ, સહમંત્રી તરીકે રમેશભાઈ ભડકોલીયા અને ભરતભાઈ શેલડીયા, ખજાનચી તરીકે જીતુભાઈ પાઠક, સહ ખજાનચી તરીકે સુરેશભાઈ મારુના નામની જાહેરાત કરવામાં આવી હતી. કારોબારી સમિતિની પણ રચના કરવામાં આવી હતી.






**ટ્રાફિક મેમોના નામે આવેલી એક લિંક ખોલતાની સાથે**

# અમરેલીના એક જ પરિવારના ચાર સભ્યોના ખાતામાંથી રૂ.૭.૨૮ લાખ સાફ

અમરેલી, તા.૩૦

અમરેલી શહેર અને જિલ્લામાં પોલીસ દ્વારા યોજવામાં આવતા સાયબર ક્રાઈમ સેમિનારનો ફિયાસ્કો થયો હોય તેમ ઉપરાછાપરી આવી ઘટના સામે આવી રહી છે. અમરેલી શહેરમાં ટ્રાફિક મેમોના નામે આવેલી એક લિંકે પરિવારના ચાર સભ્યોના ખાતામાંથી રૂ.૭.૨૮ લાખ સાફ કર્યા હતા. આ અંગે મિલનભાઈ રસીકભાઈ ગઢીયા (ઉ.વ.૪૦)એ અજાણ્યા ઈસમ જેણે તેમને તથા તેના મિત્ર સાહેદનો ફોન હેક કરી RTO Traffic Challan ૫૦૦(૨).apk વાયરલ કરી UCO BANK ના ખાતા નંબર ૪૨૪૦૧૧૦૧૦૦૯૩૬ તથા UPI થી પેમેન્ટ ઓળવી જનાર તથા તપાસમાં ખુલે તે તમામ સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગત મુજબ, ફરિયાદીના મિત્રનો મોબાઈલ અગાઉથી જ હેક થયેલો હતો. ઠગોએ મિત્રના વોટ્સએપ એકાઉન્ટનો ઉપયોગ કરી ફરિયાદી અને તેમના ગ્રુપમાં 'RTO Traffic Challan ૫૦૦(૨).apk' નામની ફાઈલ મોકલી હતી. ફરિયાદીને લાગ્યું કે આ મેસેજ તેમના મિત્રએ મોકલ્યો છે, તેથી તેમણે શંકા કર્યા વિના તે ફાઈલ ડાઉનલોડ કરી હતી. ફરિયાદીએ જેવી આ એપ્લિકેશન ખોલી અને તેમાં પોતાની એક્ટિવા ગાડીના મેમાની વિગતો જોવા માટે નેટ બેંકિંગની ડિટેલ્સ સબમિટ કરી, કે તુરંત જ તેમનો મોબાઈલ સાયબર ઠગોના તાબામાં આવી ગયો હતો. ઠગોએ ફરિયાદીના મોબાઈલમાંથી તમામ ગોપનીય બેંકિંગ વિગતો મેળવી લીધી હતી.આરોપીઓએ માઈન્ડ વાપરીને ફરિયાદી, તેમની પત્ની અને પુત્ર-પુત્રી એમ પરિવારના ચારેય સભ્યોના અલગ-અલગ HDFC બેંકના ખાતાઓને નિશાન બનાવ્યા હતા. ઠગોએ આ ચારેય ખાતામાંથી કટકે-કટકે કુલ રૂ.૭,૨૮,૦૦૦/- ઉપાડી લીધા હતા. આ નાણાં UCO બેંકના એક ખાતામાં અને વિવિધ UPI આઈડી દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું.પોતાના આખા પરિવારની જમા મૂડી સાફ થઈ જતાં ફરિયાદીએ અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બેંક ખાતાની વિગતોના આધારે તપાસ શરૂ કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ ડી. કે. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

**-:: જાહેર નોટીસ ::-**

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.40/2026
જન્મ તારીખ : 01/06/1970

શ્રી મોગલ ઈકબાલભાઈ અલીભાઈ,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મોગલ ઈકબાલભાઈ અલીભાઈ, રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અલીભાઈ તથા જેબુનબેન ના પુત્ર રહેમાન અલીભાઈ મોગલનો જન્મ તારીખ.01/06/1970ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૮/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર






# નશામાં ચૂર થઈને ફરતા ૧૧ ઝડપાયા

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લા પોલીસે દારૂડીયાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. આમ છતાં પોલીસનો ડર રાખ્યા વગર દારૂડીયાઓ દારૂ ઢીંચી આંટાફેરા કરતા હોય છે. અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં ચૂર થઈને ફરતાં ૧૧ લોકોને વિવિધ જગ્યાએથી ઝડપીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. ચલાલા હુડકો-૨ હુસેની ચોકમાંથી ૨ લીટર તથા ખાંભાના રાયડી ગામેથી ૨ લીટર મળી કુલ ૪ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો.






**-:: જાહેર નોટીસ ::-**

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.4/2026
મરણ તારીખ : 29/11/1996

શ્રી જાદવભાઈ માલાભાઈ બારડ,
રહે.ફાચરીયા, ગામ-ફાચરીયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી.એન.સોલંકી, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ફાચરીયા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જાદવભાઈ માલાભાઈ બારડ, રહે.ફાચરીયા, ગામ-ફાચરીયા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ. કાળીબેન માલાભાઈ બારડનું મરણ તારીખ.29/11/1996ના રોજ કોડીનાર તાલુકાના ફાચરીયા ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૮ જાન્યુઆરી સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# રાજુલા તાલુકાના ઈ-ગ્રામ પ્રોજેક્ટ આસિસ્ટન્ટ્સનું વેતન વધારવા સરપંચ એસોસિએશનની માગણી

રાજુલા, તા.૩૦

રાજુલા તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા તાલુકા પંચાયત હસ્તકના ઈ-ગ્રામ વિભાગના પ્રોજેક્ટ આસિસ્ટન્ટ્સના ઓછા વેતન મુદ્દે રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશનના પ્રમુખે રજૂઆત કરી હતી કે, તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોમાં કાર્યરત આ પ્રોજેક્ટ આસિસ્ટન્ટ્સ લાંબા સમયથી ફરજ બજાવી રહ્યા છે, છતાં તેમને


તસવીર : ગોપાલ રાઠોડ

મળતું વેતન અત્યંત ઓછું હોવાથી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેઓ ડિજિટલ સેવાઓ, સરકારી યોજનાઓની ઓનલાઈન એન્ટ્રી, ગામસ્તરે નાગરિકોને વિવિધ સર્ટિફિકેટ અને સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું કામ કરે છે. ગામડાંના વિકાસ અને શાસનની સેવાઓ ગામસ્તરે પહોંચાડવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા હોવા છતાં, તેમની સેવા શરતો અને વેતન બાબતે યોગ્ય ધ્યાન આપવામાં આવ્યું નથી. આથી તેમને નિયમિત અને જીવનનિર્વાહ માટે પૂરતું વેતન નક્કી કરવામાં આવે તેમજ તેમની સેવાઓને કાયમી સ્વરૂપ આપવામાં આવે. આ મામલે રાજ્ય સ્તરના અનેક અધિકારીઓ અને મંત્રીઓને પણ લેખિતમાં અવગત કરવામાં આવ્યા છે.

# લાઠીના પીપળવા-દેરડી માર્ગ પર માઈનોર બ્રિજ માટે ધારાસભ્ય જનક તળાવીયાએ રૂ. ૫૦ કરોડ મંજૂર કરાવ્યા

લાઠી, તા.૩૦

લાઠી તાલુકાના પીપળવાથી દેરડી સુધીના માર્ગ પર જેની લાંબા સમયથી માગણી હતી તે માઈનોર બ્રિજને અંતે મંજૂરી મળી છે. રાજ્ય સરકારે આ મહત્વપૂર્ણ માઈનોર બ્રિજ માટે રૂ. ૩.૫૦ કરોડનો ખર્ચ મંજૂર કર્યો છે, જેના માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સતત પ્રયાસો અને દ્રઢ રજૂઆતો કરી હતી. પીપળવા–દેરડી માર્ગ લાઠી તાલુકાના અનેક ગામોને જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે. વરસાદી ઋતુ દરમિયાન નાળાં અને પાણીના પ્રવાહને કારણે વાહનવ્યવહાર ખોરવાતો હતો, જેના લીધે ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ તેમજ દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ખાસ કરીને ખેતીપાકોના વહન, શાળાએ જતા બાળકો અને ઈમરજન્સી સેવાઓ માટે આ માર્ગ અત્યંત મહત્વનો છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ



આ સમસ્યાને ગંભીરતાથી લઈ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી. તેમના અથાક પ્રયત્નોના પરિણામે આજે આ માઈનોર બ્રિજને મંજૂરી મળતા સ્થાનિક જનતાને કાયમી ઉકેલ મળશે.બ્રિજના નિર્માણથી વરસાદી પાણીના વહેણમાં સરળતા રહેશે તેમજ વર્ષભર વાહનવ્યવહાર સુરક્ષિત અને સુગમ બનશે. આ બ્રિજના નિર્માણથી આસપાસના ગામોના આર્થિક વિકાસને પણ વેગ મળશે. ખેતી ઉત્પાદનો સમયસર બજાર સુધી પહોંચશે, વેપાર-ધંધામાં વૃદ્ધિ થશે અને સમગ્ર વિસ્તારમાં આવનજાવન વધુ સરળ બનશે.

**જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ એક ઘટના**

# બગસરાના માવજીંજવા ગામે સીમ કાર્ડ બંધ કરી વેપારીના ખાતામાંથી રૂ. ૧.૮૪ લાખ ઉપાડી લીધા

બગસરા, તા.૩૦

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના માવજીંજવા ગામે રહેતા એક વેપારી સાથે ઓનલાઈન છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. અજાણ્યા સાયબર ઠગ દ્વારા સીમ કાર્ડ બંધ કરાવી દઈ વેપારીના બેંક ખાતામાંથી અંદાજે પોણા બે લાખ રૂપિયાથી વધુની ઉઠાંતરી કરવામાં આવી હતી. આ અંગે જયરાજભાઈ મધુભાઈ રાબડીયા (ઉવ.૩૫)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમનું સીમ કાર્ડ કોઈ અજાણ્યા શખ્સે કોઈપણ રીતે બંધ કરાવી દીધું હતું. સીમ કાર્ડ બંધ થયા બાદ, આ નંબર સાથે લિંક થયેલા તેમના બેંક ખાતાને નિશાન બનાવવામાં આવ્યું હતું. તારીખ ૨૬/૧૦/૨૦૨૫થી ૨૭/૧૦/૨૦૨૫ દરમિયાન, માત્ર બે જ દિવસમાં ઠગબાજોએ અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂ.૧,૮૪,૯૭૭ ઉપાડી લીધા હતા. જ્યારે તેમને આ નાણાકીય વ્યવહારોની જાણ થઈ, ત્યારે તેમની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે ફરિયાદીએ અજાણ્યા ઈસમ વિરુદ્ધ છેતરપિંડી અને સાયબર ક્રાઈમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.જી. મયા વધુ તપાસ કરી રહ્યા છે.

**રાજ્ય ચૂંટણી આયોગના આખરી આદેશ મુજબ અમરેલી જિલ્લા પંચાયત તેમજ**

# ધારી, સા.કુંડલા તાલુકા પંચાયત અનામત બેઠકોની ફાળવણી અંગે આદેશ પ્રસિધ્ધ કર્યો

અમરેલી, તા.૩૦

રાજ્ય ચૂંટણી આયોગે એક આખરી આદેશ દ્વારા અમરેલી જિલ્લા પંચાયત તેમજ ધારી અને સાવરકુંડલા તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના તેમજ અનામત બેઠકોની ફાળવણી અંગે આખરી આદેશ પ્રસિદ્ધ કર્યો છે. અગાઉ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અમરેલી જિલ્લા પંચાયતના મતદાર મંડળની રચના અને અનામત બેઠકોની ફાળવણી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને તેના પ્રવર્તમામન નિયમોની જોગવાઈ મુજબ સને-૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા મુજબ વિકાસ કમિશ્નર, ગુજરાત રાજ્યના અધિકાર પરત્વે જિલ્લા પંચાયતના મતદાર મંડળોની (અનામત બેઠકો સહિતની સંખ્યા) નક્કી કરવામાં આવી છે. આ આખરી આદેશ મુજબ અમરેલી જિલ્લા પંચાયતની કુલ બેઠકો ૩૪ છે. જે પૈકી અનુસૂચિત જાતિની સ્ત્રી ૦૧, સામાન્ય ૦૨, અનુસૂચિત આદિજાતિની સ્ત્રી ૦૧, સામાન્ય ૦, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સ્ત્રી ૦૫, સામાન્ય ૦૪ અને સામાન્ય સ્ત્રી માટે ૧૦ અને બિનઅનામત સામાન્ય ૧૧ બેઠકોનો સમાવેશ થાય છે. આ આદેશ મુજબ અમરેલી જિલ્લાની ધારી તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો પૈકી અનસુચિત જાતિ સ્ત્રી માટે ૦૧, સામાન્ય ૦૧, અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ૦, સામાન્ય ૦૧, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી ૦૨, સામાન્ય ૦૨, સામાન્ય સ્ત્રી ૦૫, બિનઅનામત સામાન્ય ૦૪ બેઠકોનો સમાવેશ થાય છે. આ આખરી આદેશ મુજબ અમરેલી જિલ્લાની સાવરકુંડલા તાલુકા પંચાયતની કુલ ૨૨ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ સ્ત્રી માટે ૦૧, સામાન્ય ૦૧, અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ૦, સામાન્ય ૦૧, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી ૦૩, સામાન્ય ૦૩ અને સામાન્ય સ્ત્રી ૦૭ અને બિનઅનામત સામાન્ય ૦૬ બેઠકોનો સમાવેશ થાય છે. આ આદેશની વિગતવાર માહિતી સંબંધિત કચેરીઓના નોટીસ બોર્ડ પર જોવા મળી શકશે.

# કોટડાપીઠા માધ્યમિક શાળામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી : સરપંચના હસ્તે ધ્વજવંદન

બાબરા, તા.૩૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ખાતે આવેલ ગ્રામ પંચાયત સંચાલિત માધ્યમિક શાળામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે કોટડાપીઠાના યુવા સરપંચ સત્યજીતભાઈ વાળા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં ગામની



કોટડાપીઠા કન્યા પે સેન્ટર શાળા, કોટડાપીઠા પ્લોટ શાળા તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં દેશભક્તિ ગીતો, નાટકો અને અભિનયગીતનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન ઈનામ વિતરણ અને વક્તવ્યો પણ યોજાયા હતા. આ પ્રસંગે ગ્રામ પંચાયતના ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, ગામના આગેવાનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય તેમજ શાળાના સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# રસોઈ બાબતે દેરાણી-જેઠાણી વચ્ચે ઝઘડા બાદ પરપ્રાંતીય મહિલાએ ઝેરી દવા પીધી

**પતિએ પત્નીએ ઠપકો આપ્યો હતો**

અમરેલી, તા. ૩૦

જિલ્લામાં સામાન્ય બાબતે માઠું લાગી આવતા આત્મઘાતી પગલું ભરવાના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે અમરેલી પંથકમાં રસોઈ બનાવવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલી બાદ એક પરપ્રાંતીય મહિલાએ ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ હતી. હાલ મહિલાને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મૂળ મધ્યપ્રદેશના જોબાટ તાલુકાના કુંભેરી ગામ, બડીયા ફળીયુના રહેવાસી હિમતસીંગ જ્ઞાનસીંગ મહેડા (ઉ.વ.૨૩) એ જાહેર કર્યા મુજબ, તારીખ ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ રાત્રિના આશરે સાતેક વાગ્યે આ બનાવ બન્યો હતો. રાનુબેન હિમતસીંગ મહેડા (ઉ.વ.૨૨) અને તેના જેઠાણી સુમાબેન વચ્ચે રસોઈ બનાવવા જેવી સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઘરના સભ્યો વચ્ચે થયેલી આ માથાકૂટ દરમિયાન તેમણે પત્નીને ઠપકો આપ્યો હતો. પોતાના જ પરિવારના સભ્ય દ્વારા આપવામાં આવેલો ઠપકાથી મહિલાને મનમાં લાગી આવ્યું હતું. આવેશમાં આવી જઈ મહિલાએ ઘરમાં રહેલી ખડમાં નાખવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. મહિલાની તબિયત લથડતા પરિવારજનોમાં ફાળ પડી હતી અને તેને ગંભીર હાલતમાં તુરંત સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૩૧-૦૧-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૦,
સૂર્યાસ્ત-૦૫:૫૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૩૧-૦૧-૨૦૨૬ શનિવાર

મેષ: આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે.

વૃષભ: આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

મિથુન: આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ મળશે. બાળક તરફથી તમને નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કર્ક: આજે શરીરના કેટલાંક આંતરિક વિકારો રહેશે. આ અંગે તપાસ કરીને સારા ડોક્ટરની સલાહ લેવામાં દિવસ પસાર કરશો.

સિંહ: આજે રોજગારી વ્યવસાયના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે.

કન્યા: આજનો દિવસ ખર્ચાનો સાબિત થઈ શકે છે. જો તમે કોઈ રોગથી પીડિત છો તો આજે અગવડતા વધી શકે છે.

તુલા: આજનો દિવસ સંતોષ અને શાંત રહેવાનો છે. આજે રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે.

વૃશ્ચિક: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે.

ધન: આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવા અથવા ચોરી થવાનો ભય રહેશે. બાળકના શિક્ષણ અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારો મેળવવાનું આનંદકારક રહેશે.

મકર: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. દાંપત્ય જીવનમાં આનંદ રહેશે અને વિવાદ સમાપ્ત થશે.

કુંભ: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે.

મીન: આજે તમારા સ્વાસ્થ્યમાં પરેશાની થઈ શકે છે. આજે તમને કાર્યોમાં નિરાશા મળી શકે છે.

**જિલ્લામાં તસ્કરોનો પોલીસને ખુલ્લો પડકાર**

# અમરેલીના જાળિયા ગામે રહેણાંક મકાનમાંથી ચોરી: પાણીની મોટર અને ભંગારની ઉઠાંતરી

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં ચોરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. તસ્કરો પોલીસને ખુલ્લો પડકાર આપતા હોય તેમ એક બાદ એક ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે. અમરેલી તાલુકાના જાળિયા ગામેથી ચોરીની એક ઘટના સામે આવી છે. અહીં એક રહેણાંક મકાનના ખુલ્લા આંગણામાંથી અજાણ્યા શખ્સો પાણીની મોટર અને ભંગારના સામાનની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગે અમરેલીમાં રહેતા પરશોત્તમભાઈ અરજણભાઈ ઝાલાવડયા (ઉ.વ.૬૫) એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો અનુસાર, જાળિયા ગામમાં રહેતા તેમના સાળા ગોવિંદભાઈ બાલુભાઈ વાગડીયાનું મકાન હાલ બિનવપરાશી હાલતમાં છે. આ મકાનના ખુલ્લા આંગણાને નિશાન બનાવી કોઈ અજાણ્યો ઈસમ અંદર પ્રવેશ્યો હતો. તસ્કરે આંગણામાં પડેલી અંદાજે રૂ.૫,૦૦૦ની કિંમતનો ભંગાર, જેમાં મશીનના દાગીના અને અન્ય લોખંડની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે, તેની ચોરી કરી હતી. આ ઉપરાંત, લાકડાના પાટિયામાં ફિટ કરેલી 'ગોલ્ડ' લખેલી વાદળી રંગની અડધાની (૦.૫ HP) પાણીની મોટર, જેની કિંમત આશરે રૂ.૪,૦૦૦ આંકવામાં આવી છે, તેની પણ ચોરી કરવામાં આવી હતી.

# આઈટીઆઈ રાજુલા ખાતે આજે ભરતી મેળો

અમરેલી,તા.૩૦

ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાજુલા દ્વારા આજે શનિવારના રોજ રાજ્ય સરકારના માર્ગદર્શન અને કુશળતા વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.), રાજુલા ખાતે ૧૦:૩૦ કલાકે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં વિઠ્ઠલાપુર અમદાવાદ સ્થિત મોટરસાઈકલ અને સ્કૂટર બનાવતી પ્રતિષ્ઠિત કંપની દ્વારા ભાગ લેવામાં આવશે. જેમાં ધો. ૧૦ પાસ ભાઈઓ માટે આઈ. ટી.આઈ.ના ફિટર, વેલ્ડર, ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ તથા બહેનો માટે ધો. ૧૦ પાસની શૈક્ષણિક લાયકાત અથવા ITI COPAની લાયકાત ધરાવતા ૧૮થી ૨૬ વર્ષના ઉમેદવારો માટે તક છે. કંપનીના નિયમો અનુસાર ઉમેદવારોને રૂપિયા ૨૦,૬૩૧ (CTC) જેટલો પગાર તથા હોસ્ટેલ, સ્ટાફ બસ વગેરે જેવી અન્ય સુવિધાઓ સાથે ઓફર કરવામાં આવશે. તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજુલાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

# શાળા સલામતી અંતર્ગત અમરેલી જિલ્લામાં જાગૃતિ કાર્યક્રમો યોજાયા

અમરેલી,તા.૩૦

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ૨૭ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન 'શાળા સલામતી સપ્તાહ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાની ૭૫થી વધુ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને આગ સલામતી, આપત્તિ વ્યવસ્થાપન અને પ્રાથમિક સારવાર (First Aid) અંગે સઘન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફાયર વિભાગ, ૧૦૮ ઈમરજન્સી સેવા અને રેડક્રોસ સોસાયટી જેવા વિવિધ વિભાગોના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમોમાં મૉક ડ્રિલ અને પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને સંકટ સમયે સુરક્ષિત રહેવાની પ્રાયોગિક સમજ અપાઈ હતી. ઉપરાંત, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન અને બાળ સુરક્ષા વિશે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ આયોજનનો મુખ્ય



હેતુ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવો અને શાળાઓમાં સુરક્ષિત વાતાવરણનું નિર્માણ કરવાનો છે.

# અમરેલી-મોટા આંકડીયા રોડ પર બોલેરો ચાલકે સાળા-બનેવીને ટક્કર મારી

**જિલ્લામાં વાહન અકસ્માતની સંખ્યામાં સતત વધારો**

અમરેલી, તા.૩૦

અમરેલીથી મોટા આંકડીયા તરફ જતાં રોડ પર એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી હતી. પુરપાટ ઝડપે આવતી એક બોલેરો કારના ચાલકે મોટરસાયકલને અડફેટે લેતા બે વ્યક્તિઓને ઈજા પહોંચી હતી, જેમાં એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે મૂળ મધ્યપ્રદેશના અને હાલ મોટા આંકડીયા ગામે વાડીએ રહેતા દિલીપભાઈ મેથુભાઈ મેડા (ઉ.વ.૨૮) એ બોલેરો ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તેઓ અને તેમના સાળા પોતાની વાડીએથી કામ પૂર્ણ કરીને મોટરસાયકલ પર સવાર થઈને મોટા આંકડીયા ગામ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતી એક સફેદ કલરની બોલેરોના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટરસાયકલ સાથે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને સામાન્ય ઈજાઓ થઈ હતી, જ્યારે તેમની સાથે સવાર તેમના સાળાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જ્યા બાદ બોલેરો ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી, નાસી છૂટેલા બોલેરો ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એચ. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# આર્થિક સર્વેક્ષણમાં ઇકોનોમી મજબૂત બને તેવી આશા

આર્થિક સર્વે સામાન્ય રીતે બજેટના એક દિવસ પહેલા રજૂ થતો હોય છે. પરંતુ આ વખતે તે ત્રણ દિવસ પહેલા આવ્યો છે. સમય કરતાં વહેલો આ સર્વે માત્ર આંકડાઓ માટે નહીં, પરંતુ તેના અભિગમ માટે પણ ચર્ચામાં છે. પહેલી વાર એવું લાગ્યું છે કે સરકાર અર્થતંત્રની સાથે સમાજના સ્વાસ્થ્યને પણ ગંભીરતાથી જોવાની કોશિશ કરી રહી છે. દેશની વૃદ્ધિ કેટલી છે તે જેટલું મહત્વનું છે, તેટલું જ મહત્વનું છે કે નાગરિકો કેટલા સ્વસ્થ છે. આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં દેશના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને જંક ફૂડના વધતા વપરાશને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વધારે ચરબી, મીઠું અને ખાંડ ધરાવતા ખોરાક લોકોના જીવનમાં સામાન્ય બની ગયા છે. શહેરોમાં જ નહીં, ગામડાઓમાં પણ પેકેટવાળા ખોરાક ઝડપથી પહોંચ્યા છે. આ ખોરાક તાત્કાલિક સુખ આપે છે, પરંતુ લાંબા ગાળે રોગો આપે છે. સર્વેમાં સૂચન કરવામાં આવ્યું છે કે સવારે છ વાગ્યાથી રાત્રે અગિયાર વાગ્યા સુધી જંક ફૂડની જાહેરાતો પર પ્રતિબંધ હોવો જોઈએ. આ સૂચન સામાન્ય નથી. કારણ કે જાહેરાતો લોકોના મન પર સીધી અસર કરે છે. ખાસ કરીને બાળકો અને યુવાનો તેના સહેલાં શિકાર બને છે. રંગીન જાહેરાતો અને આકર્ષક ઓફરો ખોરાકને ફેશન બનાવી દે છે. પરિણામે ખાવાની આદતો બગડે છે. સર્વેમાં શિશુઓ અને નાના બાળકો માટે દૂધ અને પીણાંના માર્કેટિંગ પર કડક નિયંત્રણની પણ માંગ છે. બાળકો માટે શું યોગ્ય છે અને શું નહીં, તે નક્કી કરવાનું કામ માત્ર બજાર પર છોડવું યોગ્ય નથી. બાળકોનું સ્વાસ્થ્ય દેશના ભવિષ્ય સાથે જોડાયેલું છે. જો આજનું બાળપણ અસ્વસ્થ રહેશે તો આવતીકાલનું શ્રમબળ પણ નબળું રહેશે. બાળકોમાં વધતી સ્થૂળતા આ સર્વેની મોટી ચિંતા છે. વર્ષ ૨૦૨૦માં દેશમાં ૩૩ મિલિયન બાળકો મેદસ્વી હતા. આ આંકડો ચોંકાવનારો છે. વધુ ચિંતાજનક વાત એ છે કે ૨૦૩૫ સુધીમાં આ સંખ્યા ૮૩ મિલિયન સુધી પહોંચે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. આ માત્ર સ્વાસ્થ્યની સમસ્યા નથી. આ એક આર્થિક સમસ્યા પણ છે. કારણ કે અસ્વસ્થ જનતા પર આરોગ્ય ખર્ચ વધે છે અને ઉત્પાદનક્ષમતા ઘટે છે. વિશ્વના અન્ય દેશોના ઉદાહરણો પણ ધ્યાન ખેંચે છે. બ્રિટને બાળકોમાં સ્થૂળતા ઘટાડવા માટે રાત્રે નવ વાગ્યા પહેલા ટીવી અને ઓનલાઈન મીડિયામાં જંક ફૂડની જાહેરાતો પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત પણ આ દિશામાં વિચાર કરે છે, તે સકારાત્મક સંકેત છે. કેન્દ્ર સરકાર નવી ફ્રન્ટ ઓફ પેક ન્યુટ્રિશન લેબલિંગ નીતિ લાવવાની તૈયારીમાં છે. ખોરાકના પેકેટ પર સ્ટાર રેટિંગ આપવાની વાત છે. જેથી ગ્રાહક સરળતાથી સમજી શકે કે કયો ખોરાક કેટલો આરોગ્યદાયક છે. આ બધાની વચ્ચે આર્થિક દ્રષ્ટિએ સર્વે આશાવાદી ચિત્ર પણ આપે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા સર્વે મુજબ ૨૦૨૬-૨૭માં GDP વૃદ્ધિ દર ૬.૮થી ૭.૨ ટકા રહેવાની ધારણા છે. ગયા વર્ષના ૬.૫ ટકા કરતાં આ વધારે છે. ચાલુ નાણાકીય વર્ષ માટે વૃદ્ધિ ૭.૪ ટકા રહેવાનો અંદાજ છે. આ બતાવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત રહી રહ્યું છે. ફુગાવા અને રોજગારના આંકડાઓ પણ રાહત આપે છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ફુગાવો ઘટીને ૧.૭ ટકા થયો છે.

# મધ્યમ વર્ગના માનવી બચત ઓછી કરે છે પણ લોન વધુ લે છે

**ભારતના મોટાભાગના મધ્યમ વર્ગના લોકો આજની તારીખે બચત ઓછી કરે છે અને સુખી જીવનના સાધનો ખરીદવામાં વધુમાં વધુ લોન લે છે. આ બાબતમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સલાહ શું છે તે જાણવા જેવી છે. 'ભારતીયોની બચત અને રોકાણની બદલતી તસ્વીર' : RBI ના રિપોર્ટનું વિશ્લેષણ સમજવા જેવું છે.**

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આજથી થોડા વર્ષો પહેલા તેલનો ડબ્બો માત્ર રૂ.૧,૦૦૦ ની આસપાસ મળતો હતો તેનો ભાવ ડબલ કરતાં વધી ગયો છે પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના માનવીની આવક નથી હોતી આમ છતાં મોટા ભાગના લોકો બિનજરૂરી ખર્ચા કરી રહ્યા છે. સામાજિક મોભો જાળવવા પ્રસંગોમાં હદ બહારના લેણા કરી રહ્યા છે. ટૂંકમાં આજનો માનવી બચત ઓછી અને ખર્ચ વધારે કરે છે અને પરિણામે દુઃખના દરિયામાં ડૂબે છે. આ બાબતમાં હવે સાચી સમજ કેળવવાની જરૂર છે. આ બધા લોનના હપ્તા ચૂકવી રહ્યા છે. બીજી બાજુ શેરબજારમાં રોકાણ પણ ચાલુ છે આના કારણે તેની આવકનો મોટાભાગનો હિસ્સો આ બધી વસ્તુઓમાં વપરાઈ જાય છે અને હાથ પર પૈસા ઓછા રહે છે. આવી સ્થિતિ ભારતના મોટાભાગના લોકોની છે. આ બાબતમાં આરબીઆઈ શું સલાહ આપે છે તે આજની તારીખે, આજની મોંઘવારીમાં જાણવા જેવી વસ્તુ છે જેથી માનવી ચિંતામુક્ત જીવન જીવી શકે. ભારતીય રિઝર્વ બેંક (RBI) નો તાજેતરનો રિપોર્ટ દેશની આર્થિક સ્થિતિની એક રોમાંચક તસ્વીર રજૂ કરે છે. આ રિપોર્ટ બતાવે છે કે દેશના લોકોની સંપત્તિ અને બચતમાં તો વધારો થયો છે, પરંતુ સાથે સાથે તેમના પરનું કર્જ (લોન) અને ચૂકવણીઓ પણ ઝડપથી વધી રહ્યા છે. આ બંને વલણો એકસાથે ચાલી રહ્યાં છે, જે ઘરેલુ આર્થિક સ્વાસ્થ્યનો એક જટિલ કોયડો પેદા કરે છે. ચાલો, RBI ના આંકડાઓનું સરળ ભાષામાં વિશ્લેષણ કરીએ. RBI મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતીય લોકોની કુલ નાણાકીય સંપત્તિ (ઘરેલું નાણાકીય સંપત્તિ) માં લગભગ ૧૬ ટકાનો વધારો થયો છે. આ એક સકારાત્મક સંકેત છે, કારણ કે તેની પહેલાંના વર્ષે આ સંપત્તિમાં ઘટાડો થયો હતો. સંપત્તિમાં વધારો એટલે લોકોની બચત અને રોકાણની કુલ રકમ વધી છે. ખાસ કરીને, લોકોએ બેંકોમાં જમા કરેલી રકમ (જમા)માં ૨૫ ટકાથી વધુનો વધારો થયો છે, જે ૧૩.૯૧ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી છે. એટલે કે, લોકો પાસે બચત કરવાની ક્ષમતા અને ઈચ્છા બંને છે. પરંતુ, બીજી બાજુ લોન અને ચૂકવણીની તસ્વીર ચિંતાજનક છે. ૨૦૨૩-૨૪માં લોકોએ વિવિધ જરૂરિયાતો માટે ૧૮.૭૯ લાખ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ ચૂકવણી તરીકે ભરી. આ રકમ માત્ર બે વર્ષમાં બમણી થઈ ગઈ છે. આનો સીધો અર્થ એ છે કે લોકો પર ઋણનો બોજ ઝડપી ગતિએ વધી રહ્યો છે. આ ચૂકવણીઓમાં ગૃહ ઋણ (હોમ લોન), વાહન ઋણ (વ્હિકલ લોન), વ્યક્તિગત ઋણ (પર્સનલ લોન) અને ક્રેડિટ કાર્ડના બિલનો




સમાવેશ થાય છે. આવી મોટી રકમની માસિક ચૂકવણીઓને કારણે લોકોના હાથમાં રહેતી રોકડ રકમ (લિક્વિડ કેશ) ઘટી રહી છે. ગયા વર્ષે આ રોકડ રકમ માત્ર ૧.૧૮ લાખ કરોડ જ રહી. આનો અર્થ એ થયો કે લોકોની તાત્કાલિક જરૂરિયાતો અને આકસ્મિક ખર્ચા માટેની તરલતા (લિક્વિડિટી) ઓછી થઈ રહી છે. લોકો પોતાની બચત ક્યાં રોકાણ કરી રહ્યાં છે, તે પણ આ રિપોર્ટ રસપ્રદ ઝલક આપે છે. સૌથી પ્રમુખ ટ્રેન્ડ એ છે કે લોકો જીવન વીમા (લાઈફ ઈન્શ્યોરન્સ) અને મ્યુચ્યુઅલ ફંડમાં વધુ રોકાણ કરી રહ્યાં છે. જીવન વીમા પર લોકોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે, જેને આર્થિક અનિશ્ચિતતાના સમયમાં સુરક્ષાની ભાવના તરીકે સમજી શકાય. મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણમાં તો ૩૩% જેટલો ભારે વધારો થયો છે. મ્યુચ્યુઅલ ફંડ એ એક એવી સ્કીમ છે જ્યાં ઘણા લોકોના નાણાં એકઠા કરીને શેર બજાર (ઈક્વિટી), બોન્ડ વગેરેમાં નિષ્ણાતો દ્વારા રોકાણ કરવામાં આવે છે. લોકો, ખાસ કરીને યુવા અને નોકરીદાર વર્ગ, સીધા શેર બજાર (ઈક્વિટી) કરતાં હવે મ્યુચ્યુઅલ ફંડને વધુ પસંદ કરી રહ્યાં છે. તેનું કારણ એ હોઈ શકે કે મ્યુચ્યુઅલ ફંડમાં વ્યાવસાયિક મેનેજમેન્ટ હોય છે અને જોખમ વિવિધ શેરમાં પ્રસરી જાય છે. પ્રોવિડન્ટ ફંડ અને પેન્શન ફંડ જેવી રીટાયરમેન્ટ સ્કીમોમાં પણ રોકાણમાં સ્થિર વૃદ્ધિ જોવા મળી છે. આ દર્શાવે છે કે લોકો ભવિષ્યની આર્થિક સુરક્ષા પ્રત્યે જાગૃત થઈ રહ્યાં છે. જોકે, કેટલીક પરંપરાગત બચત યોજનાઓ જેમ કે પોસ્ટ ઓફિસ બચત ખાતાં અને કિસાન વિકાસ પત્ર (KVP) જેવી સ્કીમોમાં લોકોની રુચિ ઘટતી જોવા મળી છે. એકમાત્ર સુકન્યા સમૃદ્ધિ યોજના (બાળકીઓના ભવિષ્ય માટેની સરકારી યોજના) જેમાં લોકોનો રસ સતત વધી રહ્યો છે. RBI નો આ રિપોર્ટ કેટલાક મહત્વપૂર્ણ સંકેતો આપે છે. પ્રથમ તો, ભારતીયોની બચત કરવાની શક્તિ કમજોર નથી પડી. બીજું, રોકાણના નિર્ણયોમાં સ્માર્ટ ફેરફાર થઈ રહ્યો છે. લોકો ફક્ત બચત પર વળતર (રીટર્ન) જ નહીં, પણ નાણાકીય સુરક્ષા અને ભવિષ્યની યોજના પ્રત્યે પણ ધ્યાન આપી રહ્યાં છે. ત્રીજું, ઝડપથી વધતું કર્જ એ એક મોટી ચિંતાનો વિષય છે. ખાસ કરીને ક્રેડિટ કાર્ડ અને વ્યક્તિગત ઋણનો વધુ ઉપયોગ ચેતવણી સમાન છે. RBI એ પણ ચિંતા વ્યક્ત કરી છે કે ડિજિટલ દુનિયામાં ઘણા લોકોને યોગ્ય નાણાકીય સાક્ષરતા (ફાઈનાન્શિયલ લિટરેસી) ન હોવાને કારણે તેઓ ખોટા અથવા અનુકૂળ ન હોય એવા નાણાકીય ઉત્પાદનો (ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સ) ખરીદી લેતાં હોઈ શકે છે. નિષ્કર્ષમાં, RBI નો આ ડેટા દર્શાવે છે કે ભારતીય અર્થતંત્ર અને ઘરેલુ બજેટ એક પરિવર્તનશીલ અવસ્થામાં છે. એક તરફ તો લોકો વધુ સુચિત અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને રોકાણ કરી રહ્યાં છે, જે દેશ માટે સારી વાત છે. બીજી તરફ, વધી રહેલું કર્જના બોજ અને ઘટતી રોકડ રકમ એ આર્થિક સ્થિરતા માટેનું જોખમ ઊભું કરે છે. આ સ્થિતિમાં, લોકો માટે સંતુલિત આર્થિક નિર્ણયો લેવા અને કર્જ પ્રત્યે સચેત રહેવું તથા રોકાણ પ્રત્યે શિક્ષિત રહેવું એ બંને અતિ આવશ્યક છે. સરકાર અને નિયમનકર્તાઓ માટે પણ આવશ્યક છે કે તેઓ નાણાકીય સાક્ષરતા વધારવા અને ઉચ્ચ જોખમવાળા કર્જ પર નિયંત્રણ રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરે, જેથી સંપત્તિમાં થતા વધારાનો ફાયદો ટકાઉ રહે અને કર્જનો ભાર ઘરેલુ આર્થિક સ્થિતિને નબળી બનાવે એ વસ્તુ યોગ્ય નથી. માનવી જ્યારે ફ્રીઝ, ટીવી, એ.સી. જેવી વસ્તુ ખરીદે છે ત્યારે દર વર્ષે તેને બિલ ભરવા પડે છે, તેનો મેન્ટેનન્સ ખર્ચ પણ વધુ આવે છે આથી તેમ કહી શકાય કે આજનો મધ્યમ વર્ગનો માનવી આર્થિક જવાબદારી વધારે છે, ખર્ચનું પ્રમાણ વધારે છે. માનવીએ એવી વસ્તુ કે સાધનો ખરીદવા જોઈએ કે જેનાથી આવકમાં વધારો થાય. દાખલા તરીકે માનવી જો સીવવાનો સંચો ખરીદે તો તેનાથી આવક વધે છે. અગરબત્તી બનાવવાનું મશીન ખરીદે તો તેનાથી તે અગરબત્તી બનાવીને પોતાની આવક વધારી શકે છે. RBI ની ભાષામાં કહીએ તો જેનાથી વેલ્થ ક્રિએશન થાય તેવા સાધનો માનવીએ ખરીદવા જોઈએ જેથી તેની આર્થિક સ્થિતિ વધુ સુધરે. સુખી જીવનનો આ જ ફંડા છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૪૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૬૬ |
| જુવાર સફેદ | ૮૭૫ | ૧૦૮૦ |
| બાજરી | ૩૩૫ | ૩૮૯ |
| તુવેર | ૧૦૬૦ | ૧૭૫૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૩૫ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૯૩૪ |
| અડદ | ૧૦૩૦ | ૧૭૪૦ |
| મગ | ૧૦૫૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૧૦૦ |
| ચોળી | ૭૦૦ | ૧૧૭૮ |
| મઠ | ૧૦૭૫ | ૨૧૦૫ |
| વટાણા | ૩૦૦ | ૧૩૫૦ |
| રાજમા | ૩૫૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૬૦૬ |
| મગફળી જીણી | ૧૨૨૫ | ૧૬૫૦ |
| તલી | ૧૬૦૦ | ૨૧૩૫ |
| એરંડા | ૧૧૦૫ | ૧૨૫૦ |
| અજમો | ૧૧૦૦ | ૧૯૪૪ |
| સોયાબીન | ૧૦૪૮ | ૧૧૪૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૪૯૦૦ |
| લસણ | ૧૦૫૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૮૫૦ |
| મરચા સુકા | ૨૬૫૦ | ૫૪૦૦ |
| ધાણી | ૧૫૬૦ | ૨૪૨૪ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૯૪૦ |
| જીરૂ | ૪૧૦૫ | ૪૫૫૦ |
| રાય | ૧૦૭૦ | ૧૫૪૪ |
| મેથી | ૮૫૦ | ૧૩૦૫ |
| રાયડો | ૧૦૨૦ | ૧૨૬૬ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૯૧ | ૪૪૯ |
| પપૈયા | ૫૪ | ૧૫૨ |
| બટેટા | ૧૦૯ | ૨૫૧ |
| ડુંગળી સુકી | ૬૮ | ૩૨૫ |
| ટમેટા | ૨૮૧ | ૪૧૯ |
| સુરણ | ૫૫૮ | ૮૨૯ |
| કોથમરી | ૧૮૪ | ૨૩૧ |
| મુળા | ૨૧૧ | ૪૦૩ |
| રીંગણા | ૨૨૬ | ૪૪૧ |
| કોબીજ | ૬૬ | ૧૩૩ |
| ફ્લાવર | ૨૧૫ | ૪૯૬ |
| ભીંડો | ૪૪૬ | ૯૯૧ |
| ગુવાર | ૧૦૦૫ | ૧૮૬૧ |
| ચોળાસીંગ | ૫૪૬ | ૯૯૩ |
| વાલોળ | ૨૪૯ | ૫૩૫ |
| ટીંડોરા | ૫૯૩ | ૧૧૯૮ |
| દુધી | ૧૬૮ | ૩૯૯ |
| કારેલા | ૬૫૬ | ૯૭૮ |
| સરગવો | ૫૮૭ | ૧૧૯૪ |
| તુરીયા | ૬૬૮ | ૧૧૧૩ |
| પરવર | ૧૬૦૩ | ૧૯૯૬ |
| કાકડી | ૨૨૧ | ૭૪૨ |
| ગાજર | ૧૪૯ | ૨૭૯ |
| વટાણા | ૩૧૧ | ૪૮૯ |
| તુવેરસીંગ | ૩૪૮ | ૫૭૩ |
| ગલકા | ૫૯૧ | ૯૬૩ |
| બીટ | ૮૧ | ૨૪૨ |
| મેથી | ૯૧ | ૨૨૧ |

| | | |
|---|---|---|
| વાલ | ૪૨૩ | ૬૩૩ |
| ડુંગળી લીલી | ૨૦૯ | ૩૮૩ |
| આદુ | ૧૦૩૫ | ૧૨૬૫ |
| ચણા લીલા | ૧૦૩ | ૩૨૯ |
| મરચા લીલા | ૪૧૧ | ૭૦૩ |
| હળદર લીલી | ૪૪૩ | ૭૧૧ |
| લસણ લીલું | ૪૨૧ | ૯૧૪ |
| મકાઇ લીલી | ૧૨૮ | ૩૧૧ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૪૧ | ૧૫૯૬ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૬૩૬ |
| મગફળી જીણી | ૧૩૦૧ | ૧૮૬૧ |
| સિંગદાણા જાડા | ૧૭૬૧ | ૨૦૨૧ |
| સિંગ ફાડીયા | ૯૫૧ | ૨૦૧૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૦ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૬૬૧ |
| ધાણા | ૧૧૦૧ | ૨૦૭૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૩૦૬ |
| મઠ | ૭૭૬ | ૯૦૧ |
| રાજગરો | ૮૭૬ | ૮૭૬ |
| મેથી | ૪૦૦ | ૯૬૧ |
| કાંગ | ૩૭૧ | ૬૧૧ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૬૧૧ |
| નવા ધાણા | ૧૨૦૧ | ૨૩૨૬ |
| નવી ધાણી | ૧૩૦૧ | ૨૯૫૧ |
| નવું જીરૂ | ૩૧૦૧ | ૫૧૧૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૨૧ |
| મગફળી ૬૬ | ૧૨૮૧ | ૨૦૭૧ |
| તલ - તલી | ૧૨૩૧ | ૨૧૪૧ |
| ધાણી | ૧૨૦૧ | ૨૩૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૨૬૬ |
| જુવાર | ૨૦૦ | ૭૭૬ |
| મકાઇ | ૩૯૧ | ૪૫૦ |
| મગ | ૧૨૦૧ | ૧૯૭૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૨૧ |
| વાલ | ૭૭૬ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૪૭૬ | ૧૨૬૧ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૨૧ |
| કળથી | ૫૦૧ | ૫૦૧ |
| ગોગળી | ૧૧૦૦ | ૧૩૧૧ |
| વટાણા | ૧૦૦૧ | ૧૦૦૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૬૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૪૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૮ |
| તાંજરીયા પુરા | ૨ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| ચ્રૂણ | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૮૦ | ૩૦૦ |
| મેથી પુરા | ૧ | ૪ |
| બીટ પુરા | ૪ | ૮ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૩૦૦ |
| વાલોર | ૧૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૧૬૦ |
| આદુ | ૨૦૦ | ૧૫૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૧૫ |
| પાલક પુરા | ૧ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૧૪૫ | ૧૬૦૦ |
| શિંગ ૬૬ નંબર | ૧૬૧૦ | ૧૬૧૦ |
| શીંગ ગીરનાર | ૧૨૫૫ | ૧૬૩૦ |
| શિંગ મોટી | ૧૦૯૦ | ૧૬૪૫ |
| શિંગદાણા | ૧૪૦૦ | ૨૧૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૭૬૦ | ૨૧૪૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૧૭૮૦ | ૩૭૦૦ |
| બાજરો | ૪૦૫ | ૪૧૦ |
| જુવાર | ૯૧૫ | ૯૧૫ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| અડદ | ૮૨૦ | ૧૩૫૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| ચણા દેશી | ૧૦૬૫ | ૧૦૬૫ |
| છોલે ચણા | ૧૧૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૮૦૦ | ૧૬૯૫ |
| કપાસ | ૯૯૦ | ૧૬૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૪૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૨૦૨૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૩૫ |
| મરચા લાંબા | ૧૨૯૦ | ૫૯૦૦ |
| નવી ધાણી | ૧૬૦૦ | ૧૭૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૮૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૩૫૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૫૦ |
| ટમેટાં | ૧૫૦ | ૪૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૮૦ |
| દુધી | ૨૦૦ | ૨૬૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૨૦ |
| મૂળા | ૧૬૦ | ૨૧૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૧૦૦ |
| વાલોળ | ૨૫૦ | ૩૨૦ |
| વટાણા | ૩૬૦ | ૪૪૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૫૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| વાલ | ૪૫૦ | ૫૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૧૫૦ | ૧૩૨૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૧૬૦ | ૨૧૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૪૫૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૧૦૦ |
| મરચાં લાલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકું | ૮૫૦ | ૧૯૫૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૧૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૮૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૪૦૦ | ૧૬૧૦ |
| શીંગ મોટી | ૧૪૦૦ | ૧૬૫૧ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૫૦ |
| જીરૂ | ૪૩૫૦ | ૪૭૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૨૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૧ |
| બાજરો | ૩૮૦ | ૬૦૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ચણા | ૯૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૭૩૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૧૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૮૧૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૮૨ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૧૪૫ | ૧૩૪૦ |
| મગફળી | ૧૧૧૫ | ૧૪૬૫ |
| ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| તલ કાળા | ૪૨૫૦ | ૪૨૫૦ |
| તુવેર | ૧૪૭૫ | ૧૬૭૫ |
| ધાણા | ૧૭૬૦ | ૧૭૬૦ |
| એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| શીંગ દાણા | ૧૩૭૫ | ૧૫૭૫ |
| સોયાબીન | ૧૦૮૦ | ૧૧૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૪૨૧૦ | ૪૨૧૦ |
| ગમ ગુવાર | ૭૫૦ | ૭૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૩૯ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૦૯ |
| ચણા | ૧૦૦૨ | ૧૦૩૫ |
| ધાણા | ૧૪૫૦ | ૧૫૬૫ |
| જુવાર | ૫૩૫ | ૫૩૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૨૨ |
| મગફળી | ૧૦૧૦ | ૧૩૮૦ |
| તુવેર | ૯૫૦ | ૧૬૧૦ |
| શીંગ દાણા | ૧૨૭૦ | ૧૬૯૦ |
| તલ સફેદ | ૧૮૪૦ | ૧૮૫૦ |
| અડદ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૮૦ | ૧૪૫૨ |
| તલ સફેદ | ૧૭૮૦ | ૧૭૮૦ |
| તલ પીળા | ૨૦૮૦ | ૨૦૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| બાજરો | ૩૨૫ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૭૮ |
| જુવાર | ૭૦૧ | ૧૨૧૦ |
| મગ | ૧૩૦૧ | ૨૫૦૧ |
| મઠ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| અડદ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૭૫ |
| ચણા | ૧૧૬૫ | ૧૧૬૫ |
| એરંડી | ૧૨૧૨ | ૧૨૧૨ |
| સોયાબીન | ૧૦૨૧ | ૧૦૨૧ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૬૭૦ |
| કપાસ મીડીયમ | ૧૩૬૦ | ૧૪૨૦ |
| મગફળી જી ૨૦ | ૧૨૩૭ | ૧૫૭૩ |
| ચણા | ૯૦૫ | ૧૦૯૫ |
| જીરૂ | ૩૧૧૫ | ૪૫૨૫ |
| ઘઉં | ૪૬૯ | ૫૩૧ |
| તુવેર | ૯૧૫ | ૧૫૨૫ |
| સોયાબીન | ૭૮૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૫૯૫ | ૧૯૦૦ |

### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૯૩ | ૧૬૦૧ |
| કપાસ સી ગ્રેડ | ૯૦૦ | ૯૦૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૪૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૩૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૩૨૧ |
| તુવેર | ૧૨૦૧ | ૧૬૦૧ |
| મગફળી | ૧૧૦૧ | ૧૫૮૧ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૬૨૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૮૧૧ |
| ધાણા | ૧૮૦૧ | ૧૯૧૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૧૦૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૩૯૦ | ૧૫૨૭ |
| શીંગ ૩૯ | ૧૩૦૭ | ૧૪૨૫ |
| શીંગ ૬૬ | ૧૫૦૨ | ૧૬૭૮ |
| શીંગ જી-૨૦ | ૧૪૧૦ | ૧૫૬૭ |
| જુવાર | ૪૦૦ | ૮૯૯ |
| બાજરી | ૩૩૪ | ૫૯૫ |
| ઘઉં ટુકડા | ૪૬૪ | ૫૫૯ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૯૧ |
| મગ | ૧૦૧૨ | ૩૦૦૦ |
| સોયાબીન | ૧૦૬૫ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૮૯૬ |
| તલ કાળા | ૨૨૮૫ | ૪૩૮૪ |
| તુવેર | ૧૪૦૨ | ૧૫૬૫ |
| જીરૂ | ૩૦૯૦ | ૪૪૧૬ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૮૩ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૩૩૭ |
| કપાસ શંકર | ૮૯૫ | ૧૫૬૪ |
| નાળીયેર | ૪૫૦ | ૨૭૯૦ |

### ખાંભા


| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૬૧ | ૧૬૬૧ |
| મગફળી | ૧૦૧૦ | ૧૪૯૦ |
| સોયાબીન | ૮૯૪ | ૮૯૪ |
| તલ કાળા | ૪૫૦૦ | ૪૫૦૦ |
| તુવેર | ૧૪૦૨ | ૧૬૨૧ |
| બાજરો | ૪૫૩ | ૪૫૩ |
| ઘઉં | ૪૫૧ | ૪૫૧ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૮૮૦ |
| બાજરો | ૩૦૦ | ૩૬૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૧ |
| મગ | ૯૦૦ | ૧૪૦૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૯૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૬૬૫ |
| એરંડા | ૯૦૦ | ૧૧૩૫ |
| તલ | ૧૩૦૦ | ૨૦૧૧ |
| રાયડો | ૧૦૦૫ | ૧૨૮૦ |
| રાય | ૧૧૦૦ | ૧૫૪૫ |
| લસણ | ૧૧૨૫ | ૧૬૯૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૪૫ |
| જીરૂ | ૩૧૦૦ | ૪૬૦૫ |
| અજમો | ૨૦૦૦ | ૫૬૩૦ |
| અજમાની ભુસી | ૨૦ | ૪૧૦૦ |
| ધાણા | ૧૫૬૫ | ૨૫૧૫ |
| મરચા | ૧૧૦૦ | ૬૧૦૫ |
| ડુંગળી | ૪૦ | ૩૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૪૦ |
| વટાણા | ૯૦૦ | ૧૧૩૦ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

## શબ્દ સંજોગ-૨૧૪૧



**આડી ચાવી :**
(૧) જીંદગી, આયુ (૩)
(૩) પથ્થરની પાતળી અને નાની તખતી (૨)
(૫) હીરની મોટી આંટી (૨)
(૭) પીડા, કષ્ટ (૨)
(૮) ફેરફાર, એકને બદલે બીજો વર્ણ આવે તે (૩)
(૯) વિચાર, મનન (૨)
(૧૦) ઘટિત, છાજે એવું (૩)
(૧૨) .....જણાવવાનું કે (૨)
(૧૪) ગણપતિ (૪)
(૧૭) દેશમાં બહારથી આવવુ તે (૪)
(૧૯) મનનું વલણ (૨)
(૨૧) ધોળીને સહેજ લાલ ધાબાવાળી ગાય (૨)
(૨૩) એક કઠોળ (૨)
(૨૪) બકારી, ઉલટી થવાનો ઉછાળો (૩)
(૨૫) તદન, બિલકુલ (૨)
(૨૭) વેરાન (૩)
(૨૯) ઘરડ, ચીલો (૩)
(૩૦) સામાન્ય (અ) (૩)

**ઉભી ચાવી :**
(૧) નિરુપાય, લાચાર (૪)
(૨) પરવાનગી, રજા (૪)
(૩) ધોબીના પોઠિયા પર લાદેલો ગાંસડો (૩)
(૪) સૂર્ય (૨)
(૫) દાપું, હકસાઈ (૨)
(૬) છરા, અસ્ત્રો (૨)
(૧૧) ધારવાળું એક ગોળ હથિયાર (૨)
(૧૩) લાગ અને વગ, વગવસીલો (૪)
(૧૪) જંગલ, અરણ્ય (૨)
(૧૫) ટોચ, શિખર (૨)
(૧૬) એક સુગંધીદાર વનસ્પતિ (૩)
(૧૭) ખત, દસ્તાવેજ, પુરાવામાં મૂકવા લાયક લેખ (૩)
(૧૮) એક તેજાનો (૨)
(૨૦) ગુજરાતનો એક જિલ્લો (૪)
(૨૨) પ્રવાહી પદાર્થ ચૂસતા થતો અવાજ (૪)
(૨૪) હોંશ, ઉમંગ (૩)
(૨૬) પક્ષ, તરફેણ (૨)
(૨૭) ઘેટાંના વાળ (૨)
(૨૮) સૌજન્ય, સદવર્તન (૨)

## શબ્દ સંજોગ-૨૧૪૦ જવાબ

**આડી ચાવી:** (૧) દાંડી (૨) વેચાણ (૪) આંક (૬) વિગત (૭) માખણ (૮) યોજના (૧૦) કડવો (૧૪) જયોત (૧૫) ઘાવર (૧૭) કોર (૨૦) ટી (૨૧) ષડાનન (૨૫) કોબી (૨૬) સબક (૨૭) સણકો (૨૮) દાબ (૨૯) મતા.
**ઉભી ચાવી:** (૧) દાંતિયો (૨) વેગ (૩) ચાતક (૪) આંખ (૫) કણક (૬) વિના (૭) માવો (૯) જપત (૧૧) ડકાર (૧૨) શ્લાઘા (૧૩) ઠેકો (૧૪) જયોતિષ (૧૬) વસ્તુ (૧૮) રકાબી (૧૯) ધ્યાન (૨૨) ડાકણ (૨૩) નદ (૨૪) કસબ (૨૫) કોકમ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કૌશિક વેકરીયાના હસ્તે ૧૯૪ ગ્રામ પંચાયતોના નવા મકાનના નિર્માણ માટે ઈ-ખાતમુહૂર્ત

અમરેલી,તા.૩૦

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાની કુલ ૧૯૪ ગ્રામ પંચાયતોના નવા મકાનના નિર્માણ માટે ઈ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લાના સજીયાવદર ખાતે ઊર્જા અને કાયદો રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમને સંબોધતા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગ્રામ પંચાયત મકાનોના નિર્માણથી ગ્રામ સ્વરાજને વધુ મજબૂતી મળશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સરકારી સેવાઓ એક જ સ્થળે સરળતાથી ઉપલબ્ધ બનશે. રાજ્ય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રૂ. ૪૮ કરોડથી વધુના ખર્ચે અમરેલી જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોને આધુનિક સુવિધાઓથી સજ્જ નવા મકાનો ઉપલબ્ધ બનશે, જે ગ્રામ પંચાયતોની કાર્યક્ષમતામાં વધારો કરશે અને ગ્રામ્ય વહીવટને વધુ પારદર્શક બનાવશે. આગામી સમયમાં અમરેલી વિધાનસભા મતવિસ્તારના તમામ ગામમાં શાળાના નવા ભવન તૈયાર થશે જેની કામગીરી પ્રગતિમાં છે. માર્ગ મકાન વિભાગ રાજ્ય અને પંચાયત




હસ્તકના તમામ રોડના કામ ચોમાસા પહેલા પૂર્ણ કરવામાં આવે તેવી નેમ છે. અમરેલી વિધાનસભા મતવિસ્તારની તમામ આંગણવાડીને મોડેલ આંગણવાડી બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. વિકાસકાર્યોની વણઝારમાં રાજ્ય સરકાર ઉદાર હાથે અમરેલીને વિકાસકાર્યોની ભેટ આપી રહી છે. કૃષિકારોને સંબોધતા મંત્રીએ ઉમેર્યું કે, અમરેલી વિધાનસભા મતવિસ્તારના ખેડૂતોને રાજ્ય સરકારના બે કૃષિ રાહત પેકેજની સહાય મળી છે. વર્ષ ૨૦૨૫ના કમોસમી વરસાદની નુકસાની બદલ સહાય અને તાજેતરમાં જ રાજ્ય સરકારે આપેલા રૂ. ૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજની સહાયના નાણા કૃષિકારોના ખાતામાં જમા થઈ ગયા છે. એક તરફ રાહત સહાય બીજી તરફ રૂ. ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદીથી ખેડૂતોને સરકારે આફતમાં સાથ આપ્યો છે. આ કાર્યક્રમ પહેલા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લાપાળિયા, ચાંપાથળ મુકામે નવીન પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જ્યારે સાજિયાવદર ખાતે ઈ-ખાતમુહૂર્ત બાદ શાસ્ત્રોક્ત વિધિ દ્વારા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતના સભ્યો મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહિડા, કાળુભાઈ, પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, અગ્રણી અતુલભાઈ કાનાણી, જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ, સાજિયાવદરના સરપંચ હરેશભાઈ ધાધલ, આસપાસના વિવિધ ગામના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં મહિલાના પૂર્વ પતિએ ચાકુના ઘા મારી યુવકને પતાવી દીધો

અમદાવાદ, તા.૩૦

અમદાવાદમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે, જેમાં સરખેજ ફતેહવાડી કેનાલ RCC રોડ પર આવેલી હમીદાનગર સોસાયટીમાં રહેતા ૩૨ વર્ષીય આમિર મુકીમ નામની વ્યક્તિની ચાકુના ઘા મારી હત્યા કરવામાં આવી છે. પૂર્વ પતિને કોઈએ બાળકને મારવાનો મેસેજ કર્યો અને બબાલ થઈ હતી. અફસાના બાનુના પૂર્વ પતિ દ્વારા



હાલના પતિની હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું છે. સરખેજ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. આ હત્યાને પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. ઝોન ૭ DCP શિવમ વર્માએ પણ ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરી હતી. આમિર મુકીમ શેખની

**પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી**

તેના ઘરની બહાર જ હત્યા કરવામાં આવી છે. FSLની ટીમને પણ જાણ કરવામાં આવી છે. FSLની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ કરશે. મૃતદેહને સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

# સુરતના ગોડાદરા વિસ્તારમાંથી જાણીતી બ્રાન્ડના નામે નકલી પ્રોડક્ટ્સના નેટવર્કનો પર્દાફાશ

સુરત,તા.૩૦

ઓનલાઈન શોપિંગના જમાનામાં તમે મંગાવેલી વસ્તુ અસલી જ હશે, તેની કોઈ ખાતરી નથી. સુરતના ગોડાદરા વિસ્તારમાં પકડાયેલું લેટેસ્ટ કૌભાંડ ગ્રાહકો માટે લાલબત્તી સમાન છે. જાણીતી બ્રાન્ડના નામે નકલી કોસ્મેટિક પ્રોડક્ટ્સ બનાવી તેને મોટા ઓનલાઈન પ્લેટફોર્મ પર ઓરિજિનલ પેકેજિંગમાં પધરાવી દેવાનું એક મોટું નેટવર્ક ગોડાદરા પોલીસે ઝડપી પાડ્યું છે. આ કાર્યવાહીમાં આશરે ૮,૨૧,૭૦૦ની કિંમતની ડુપ્લીકેટ વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે, જે સીધી રીતે ગ્રાહકોની ત્વચા અને



સ્વાસ્થ્ય સાથેના ગંભીર ચેડાં હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડમાં પકડાયેલ આરોપી હિતેષ ભરતભાઈ કાતરીયા ગ્રાહકોનો વિશ્વાસ જીતવા માટે અત્યંત શાતિર રીત અપનાવતો હતો. ગોડાદરાના મણીભદ્ર કેમ્પસમાં 'વામસી એન્ટરપ્રાઈઝ'ના નામે ચાલતા આ યુનિટમાં Manash Lifestyle Private Limited કંપનીની પ્રખ્યાત બ્રાન્ડ્સ જેવી કે GOOD VIBES અને DERMDOC HONEST SCIENCEના નામે ડુપ્લીકેટ સીરમ બનાવવામાં આવતા હતા. સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, આરોપી Flipkartના લોગો વાળી સેલો ટેપ અને આબેહૂબ અસલી લાગે તેવા સ્ટીકરોનો ઉપયોગ કરતો હતો.

# ધોરાજી યુનિયન સ્પોર્ટ્સ ક્લબ ખાતે રાષ્ટ્રીય પર્વની ઉજવણી

ધોરાજી,તા.૩૦



તસવીર : નયન કુહાડીયા

ધોરાજીના ઉપલેટા રોડ ખાતે આવેલ યુનિયન સ્પોર્ટ્સ ક્લબ ખાતે ૨૬ જાન્યુઆરી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યુનિયન સ્પોટ્સ ક્લબના સેક્રેટરી રણજીતસિંહ જાડેજા, ઉપપ્રમુખ પ્રદીપભાઈ વોરા, ખજાનચી જગદીશભાઈ ગામોટ તેમજ ધોરાજી શાળા નંબર ૧૧ના પ્રિન્સિપાલ હરેશભાઈ ઠુંમર, નીપાબેન મારડિયા કાંદીયાની, ફિઝાબેન સોનલબેન વઘાસિયા, દિપકભાઈ જોગીયા, કાજલબેન વેકરીયા, રમેશભાઈ રોકડ, રેનિશભાઈ તેમજ ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય પર્વ ૨૬ જાન્યુઆરીની ધ્વજવંદન સાથે ઉજવણી કરવામાં આવી હતી.

# દેશની સૌપ્રથમ નેચરલ ગેસથી ચાલતી ટ્રેન અમદાવાદ આવી પહોંચી

અમદાવાદ,તા.૩૦

ભારતની રેલવે સુવિધાઓમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે, જેમાં દેશની સૌપ્રથમ લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) પર ચાલતી ટ્રેન અમદાવાદમાં આવી છે. આ અત્યાધુનિક ટ્રેનની વિશેષતા એ છે કે ટ્રેન ફુલ ટાંકીમાં ૨૨૦૦ કિલોમીટર સુધીનું લાંબું અંતર કાપી શકવાની ક્ષમતા ધરાવે છે. રેલવેના DRM વેદ પ્રકાશે જણાવ્યા મુજબ ડીઝલ એન્જિનની તુલનામાં આ LNG ફ્યૂઅલ સિસ્ટમ ત્રણ ગણો વધુ ફાયદો આપે છે, જે માત્ર આર્થિક રીતે સસ્તું જ નહીં, પરંતુ પર્યાવરણ માટે પણ અત્યંત અનુકૂળ સાબિત થશે. ભારતીય રેલવે દ્વારા દેશમાં પહેલીવાર LNG



એટલે કે લિક્વિફાઈડ નેચરલ ગેસ પર ચાલતી ટ્રેનનું સફળ સંચાલન કરવામાં આવ્યું છે. આ પહેલથી રેલવેને ખર્ચમાં બચત થશે અને પર્યાવરણને પણ મોટો ફાયદો મળશે. હાલ સુધી ટ્રેનોમાં ડીઝલનો ઉપયોગ થતો હતો, પરંતુ હવે ભારતીય રેલવે DEMU(ડીઝલ મલ્ટીપલ યુનિટ) અને DPC(ડિસ્ટ્રિબ્યુટેડ પાવર કન્ટ્રોલ સિસ્ટમ) ટ્રેનોમાં ડીઝલના બદલે LNG ઈંધણનો ઉપયોગ શરૂ કરી રહી છે.

# કોટડાપીઠા બેંક ઓફ બરોડામાં રોકડની અછતથી ખેડૂતોને પડતી ભારે મુશ્કેલી

બાબરા,તા.૩૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે આવેલી બેંક ઓફ બરોડાની બ્રાન્ચમાં રોકડ રકમની અછત, એટીએમ અને લોકર જેવી પ્રાથમિક સુવિધાઓના અભાવે ખાતેદારો પરેશાન થઈ રહ્યા છે. આ અંગે કોટડાપીઠાના યુવા સરપંચ સત્યજીતભાઈ વાળાએ બ્રાન્ચ મેનેજર તેમજ ભાવનગર રિજીયોનલ મેનેજરને લેખિતમાં રજૂઆત કરી છે. હાલના સમયમાં કૃષિ સહાય પેકેજ તેમજ નાફેડ દ્વારા મગફળી અને કપાસની ખરીદીના રૂપિયા ખેડૂતોના ખાતામાં જમા થઈ રહ્યા છે. પરંતુ બેંકમાં પૂરતી રોકડ રકમ (કેશ) ઉપલબ્ધ ન હોવાને કારણે ખેડૂતોને નિયત સમયે તેમના રૂપિયા મળતા નથી. વળી, હાલ લગ્નસરાની સિઝન હોવાથી લોકોને પ્રસંગોચિત રકમની જરૂરિયાત હોય છે, જે ન મળતા ખાતેદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને બેંકમાં અવારનવાર સંઘર્ષના બનાવો પણ બની રહ્યા છે.

# બગસરાની સિટી સર્વે ઓફિસમાં કર્મચારીઓના અભાવે લોકો પરેશાન

બગસરા, તા.૩૦

બગસરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી સિટી સર્વે ઓફિસમાં એકપણ કર્મચારીની નિમણૂક ન હોવાના કારણે શહેરવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સિટી સર્વે ઓફિસમાં હાલમાં કોઈ પોસ્ટિંગ ન હોવાને કારણે પ્રોપર્ટી કાર્ડ મેળવવાની પ્રક્રિયા સંપૂર્ણપણે અટકી ગઈ છે. બીજી તરફ રજીસ્ટર ઓફિસમાં દસ્તાવેજ નોંધણી માટે ફરજિયાત પ્રોપર્ટી કાર્ડ માંગવામાં આવે છે, જેના કારણે મિલકત ખરીદ-વેચાણ કે અન્ય કાનૂની પ્રક્રિયાઓ અશક્ય બની છે. આ સ્થિતિને કારણે



બગસરાના નાગરિકો સતત ચક્કર કાપી રહ્યા છે, સમય અને પૈસા બંનેનો વ્યર્થ ખર્ચ થઈ રહ્યો છે. સરકારી કચેરીઓ વચ્ચેના સંકલનના અભાવે સામાન્ય જનતા મુશ્કેલીમાં મુકાઈ છે. ઘણા સમયથી આ સમસ્યા યથાવત હોવા છતાં હજી સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. જેથી શહેરીજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

# અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મતદાર યાદીમાં ગેરરીતિના આક્ષેપ સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર

અમરેલી, તા.૩૦

અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મતદાર યાદી સુધારણા (SIR)ની કામગીરીમાં મોટા પાયે ગેરરીતિ થતી હોવાના આક્ષેપ સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.



કોંગ્રેસના આગેવાનોએ રજૂઆત કરી હતી કે, સ્થાનિક સ્તરે જીવંત અને સક્રિય મતદારોના નામ પણ 'ફોર્મ નંબર-૭' ભરીને ખોટી રીતે કમી કરવાનું કાવતરું રચાઈ રહ્યું છે. આક્ષેપ કરવામાં આવ્યો છે કે ભાજપ કાર્યાલય દ્વારા કોંગ્રેસની વિચારધારા ધરાવતા મતદારોને લક્ષ્ય બનાવી બૂથ દીઠ નામો રદ કરાવવાની પ્રક્રિયા થઈ રહી છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ની કલમ ૩૧ મુજબ, જાણી જોઈને ખોટી માહિતી આપવી એ કાયદાકીય ગુનો છે. આથી, ખોટા વાંધા રજૂ કરનારાઓ સામે કડક તપાસ કરી કાયદાકીય પગલાં ભરવા માંગ કરવામાં આવી છે.

આ પ્રસંગે અમરેલી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સંદીપભાઈ ધાનાણી, ટીકુભાઈ વરુ, મનીષભાઈ ભંડેરી, સંદીપભાઈ પંડ્યા, સમીરભાઈ કુરેશી, બી.કે. સોળિયા, પ્રહલાદભાઈ સોલંકી, ડી.ડી. પરમાર, ઘનશ્યામભાઈ થળેશા, રાજુભાઈ ઠાકોર, રાવજીભાઈ મકવાણા, ભાવિનભાઈ ગોસાઈ, રોનકભાઈ ધાનાણી, મીતેશભાઈ ઠુમ્મર સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ આગેવાનો હાજર રહ્યા હતા.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૭/૨૬ — તા.૧૬/૦૧/૨૦૨૬

**વિવાદી :-** શ્રી સાતાભાઈ રૂપાભાઈ મેર
રહે. બગીચા પ્લોટ, લાઠી, તા.લાઠી, જી.અમરેલી મો.૭૦૯૬૦૦૮૭૨૩
અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઢારિયા એડવોકેટ,
લાઠી. મો.૯૮૨૪૨ ૬૯૯૫૧

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી નગરપાલીકા
મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતાશ્રી તથા માતૃશ્રીનું રૂપાભાઈ પોપટભાઈ મેર તથા પાંચીબેન રૂપાભાઈ મેર નો મરણ તા.૨૬/૦૧/૨૦૦૦ તથા ૨૮/૦૫/૨૦૧૮ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૫/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬/૨૬ — તા.૧૬/૦૧/૨૦૨૬

**વિવાદી :-** શ્રી ગોબરભાઈ સાતાભાઈ ચોસલા
રહે.હરસુરપુર, તા.લાઠી, જી.અમરેલી મો.૯૨૬૫૧ ૭૬૧૦૮
અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઢારિયા એડવોકેટ,
લાઠી. મો.૯૮૨૪૨ ૬૯૯૫૧

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.હરસુરપુર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.હરસુરપુર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતાનું ટીડીબેન સાતાભાઈ ચોસલા નો મરણ તા.૨૮/૧૦/૨૦૧૮ ના રોજ હરસુરપુર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૫/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## CHANGE OF NAME

I Undersing I VAKKANI NARENDRA ANANDJI have changed my name from WAKKANI NARENDRA ANANDJI To VAKKANI NARENDRA ANANDJI (New) Now i will be known as VAKKANI NARENDRA ANANDJI (new)
Sing : VAKKANI NARENDRA ANANDJI
Address: DIKRA NU GHAR, ROOM NO-226, BRAMIN SOCIETY, LATHI ROAD, AT-AMRELI, DIS-AMRELI-365601 GUJARAT

**-:: જાહેર નોટીસ ::-**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.28/2026
જન્મ તારીખ : 15/01/1994

શ્રી વાજા ભાયાભાઈ દાનાભાઈ,
રહે.મોટીફાફણી, ગામ-મોટીફાફણી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મોટી ફાફણી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...**સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી વાજા ભાયાભાઈ દાનાભાઈ, રહે.મોટીફાફણી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી વાજા ભાયાભાઈ દાનાભાઈ તથા વાજા કાનુબેન ભાયભાઈ ના પુત્ર ચેતનકુમાર ભાયભાઈ વાજાનો જન્મ તારીખ.15/01/1994ના રોજ કોડીનાર તાલુકાના મોટીફાફણી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર પ્રધાનમંત્રી મોદીએ શ્રધ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૩૦



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પુણ્યતિથિ શુક્રવારે શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવી રહી છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી. બંને નેતાઓએ મહાત્મા ગાંધીના આદર્શોને યાદ કર્યા અને વિકસિત અને આત્મનિર્ભર ભારત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. વડાપ્રધાને મહાત્મા ગાંધીના સ્વદેશીના આહ્‌વાનને વિકસિત ભારતના મૂળભૂત સિદ્ધાંત તરીકે વર્ણવ્યું, જ્યારે યોગી આદિત્યનાથે ગાંધીના આદર્શોને સ્વીકારીને વિકસિત ભારત બનાવવા વિશે વાત કરી. એ નોંધવું જોઈએ કે ૧૯૪૮ માં આ દિવસે નાથુરામ ગોડસે દ્વારા મહાત્મા ગાંધીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર પોસ્ટ કરીને લખ્યું, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ. આદરણીય બાપુએ હંમેશા સ્વદેશી પર ભાર મૂક્યો હતો, જે વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના આપણા સંકલ્પનો પાયો પણ છે. તેમનું વ્યક્તિત્વ અને કાર્ય હંમેશા આપણા દેશવાસીઓને ફરજના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપશે. તેમણે મહાત્મા ગાંધીના સ્વદેશીના આહ્‌વાનને વિકસિત ભારતના મૂળભૂત સિદ્ધાંત તરીકે વર્ણવ્યું. તેમણે કહ્યું કે બાપુએ હંમેશા સ્વદેશી પર વિશેષ ભાર મૂક્યો હતો, જે આત્મનિર્ભર ભારત માટે આજના સરકારના સંકલ્પનો મૂળભૂત આધારસ્તંભ પણ છે.

# દેશની તમામ શાળાઓમાં ભણતી વિદ્યાર્થિનીઓને સેનેટરી પેડ્‌સ પુરા પાડવા સુપ્રીમ કોર્ટનો આદેશ

નવીદિલ્હી,તા.૩૦



સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યો હતો કે ખાનગી અને સરકારી શાળાઓમાં ભણતી છોકરીઓને મફત બાયોડિગ્રેડેબલ સેનિટરી પેડ્‌સ પૂરા પાડવામાં આવે. તેના આદેશમાં, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે માસિક ધર્મમાં સ્વાસ્થ્ય એ બંધારણ દ્વારા બાંયધરીકૃત જીવનના મૂળભૂત અધિકારનો એક ભાગ છે. શાળાની છોકરીઓના સ્વાસ્થ્ય સંબંધિત પોતાના આદેશમાં, કોર્ટે જણાવ્યું છે કે જો સરકારો શાળાની છોકરીઓને શૌચાલય અને મફત સેનિટરી પેડ પૂરા પાડવામાં નિષ્ફળ જશે તો તે જવાબદાર રહેશે. વરિષ્ઠ ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બનેલી બેન્ચે ધોરણ ૯ થી ૧૨ સુધીની છોકરીઓ માટે સરકારી અને સરકારી સહાયિત શાળાઓમાં કેન્દ્ર સરકારની માસિક સ્રાવ સ્વચ્છતા નીતિને દેશભરમાં લાગુ કરવાનો આદેશ જારી કર્યો. સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે જો ખાનગી શાળાઓ છોકરીઓ અને છોકરાઓ માટે અલગ શૌચાલય અને સેનિટરી પેડ પૂરા પાડવામાં નિષ્ફળ જાય, તો તેમની માન્યતા રદ કરવામાં આવશે.


# મૃત્યુ પામેલાઓ મમતાની વોટબેંક નહોતા, સુવેન્દુ અધિકારીનું વિવાદાસ્પદ નિવેદન

કોલકતા.તા.૩૦

પશ્ચિમ બંગાળમાં કોલકાતાની બહાર આવેલા આનંદપુરમાં આગની ઘટના પર રાજકીય ઉથલપાથલ વધુ તીવ્ર બની છે. જ્યારે વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ વિરોધ કર્યો, ત્યારે રાજ્યપાલ સીવી બોઝે એક નિવેદન બહાર પાડ્યું. એ નોંધવું જોઈએ કે શુક્રવારે, પોલીસે મોમો મેન્યુફેક્ચરિંગ યુનિટ અને બે વેરહાઉસમાં લાગેલી આગના સંબંધમાં વધુ બે લોકોની ધરપકડ કરી હતી. આમાં કંપનીના મેનેજર, મનોરંજન શીટ અને ડેપ્યુટી મેનેજર, રાજા ચક્રવર્તીનો સમાવેશ થાય છે. ભાજપ નેતા સુવેન્દુ અધિકારીએ શુક્રવારે આનંદપુરમાં વિરોધ પ્રદર્શન કર્યું. તેમણે કહ્યું, ભાજપ લોકોનો અવાજ ઉઠાવી રહી છે. અત્યાર સુધી, આ ઘટનામાં જે લોકો મૃત્યુ પામ્યા છે અથવા ગુમ થયા છે તેઓ હિન્દુ છે; તેઓ મમતા બેનર્જીની વોટબેંક નથી. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે કહ્યું, આ ખૂબ જ આઘાતજનક, પરેશાન કરનારી અને દુઃખદ ઘટના છે. આ આગમાં કિંમતી માનવ જીવ ગુમાવ્યા છે.

# મુંબઈ અને બેંગલુરુને પાછળ છોડીને દિલ્હીએ 'વર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ'નો ખિતાબ જીત્યો

હૈદરાબાદ,તા.૩૦



હૈદરાબાદમાં આયોજિત વિંગ્સ ઈન્ડિયા ૨૦૨૬ એ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રના બદલાતા લેન્ડસ્કેપને સંપૂર્ણ રીતે ઉજાગર કર્યો. દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટે દેશના સૌથી મોટા અને સૌથી લોકપ્રિય મેટ્રોપોલિટન શહેરો, મુંબઈ અને બેંગલુરુને પાછળ છોડીને ×વર્ષના શ્રેષ્ઠ એરપોર્ટ×નો પ્રતિષ્ઠિત ખિતાબ જીત્યો. આ પ્લેટફોર્મે માત્ર મુખ્ય એરપોર્ટ અને એરલાઈન્સને જ માન્યતા આપી ન હતી, પરંતુ એવા રાજ્યો અને પ્રદેશોને પણ સન્માનિત કર્યા હતા જે અગાઉ ઉડ્ડયનમાં પાછળ માનવામાં આવતા હતા. નોંધનીય છે કે, બિહારને પણ એવોર્ડ વિજેતા રાજ્યોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું હતું. દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડને વિંગ્સ ઈન્ડિયા ૨૦૨૬ એવોર્ડ્‌સમાં 'વર્ષનું શ્રેષ્ઠ એરપોર્ટ' તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. દિલ્હી એરપોર્ટને તેની શ્રેષ્ઠ મુસાફરોની સુવિધાઓ, ટેકનોલોજીનો ઉપયોગ, ટકાઉપણું અને કાર્યકારી કાર્યક્ષમતાને કારણે આ વિશિષ્ટતા પ્રાપ્ત થઈ.

# તિરુપતિ લાડુ વિવાદ પર સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કરતા રાજકીય ગરમાવો

વિજયવાડા,તા.૩૦

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ તિરુપતિ મંદિરના લાડુ અંગે દાવો કર્યો હતો, જેના કારણે સમગ્ર દેશમાં આક્રોશનું મોજું ફરી વળ્યું હતું. તેમણે એક સનસનાટીભર્યો આરોપ લગાવ્યો હતો કે પ્રસાદના લાડુઓને પ્રાણીની ચરબીથી અપવિત્ર કરવામાં આવ્યા હતા. રાજકીય અને ધાર્મિક હોબાળો મચાવ્યાના સોળ મહિના પછી, સીબીઆઈની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે હવે તેની તપાસ પૂર્ણ કરી છે અને અંતિમ ચાર્જશીટ દાખલ કરી છે, જેનાથી રાજકીય ગરમી ફરી એકવાર વધી ગઈ છે. વિજયવાડામાં મીડિયા સાથે વાત કરતા, ભાજપ પ્રવક્તા સદીનેની યામિની શર્માએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત સીબીઆઈની આગેવાની હેઠળની એસઆઈટીએ તિરુપતિ લાડુ કૌભાંડમાં તેની અંતિમ ચાર્જશીટ રજૂ કરી છે, જેમાં ઘીમાં ભેળસેળ કરવા અને લાડુ બનાવવા બદલ ૩૬ લોકોના નામ આપવામાં આવ્યા છે.

# રાહુલ ગાંધીએ આસામના પ્રતિક 'ગામોસા'નું અપમાન કર્યું : અમિત શાહના આકરા પ્રહાર

(એચ.એસ.એલ),દિબ્રુગઢ,તા.૩૦



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આસામની બે દિવસની મુલાકાતે છે. દિબ્રુગઢના ખાનીકાર પરેડ ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ જાહેર સભાને સંબોધતા, તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધીએ આસામના પ્રતિકાત્મક પ્રતીક, ×ગામોસા×નું અપમાન કર્યું છે. શાહે સમજાવ્યું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પ્રજાસત્તાક દિવસ પર 'ઘરે' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં, બધા મહેમાનોને આસામનો પરંપરાગત સ્કાર્ફ, 'ગામોસા', સન્માનના પ્રતીક તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. શાહનો દાવો છે કે વિદેશી મહેમાનો સહિત તમામ અગ્રણી નેતાઓએ તે પહેર્યો હતો, પરંતુ રાહુલ ગાંધીએ સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. આવું કરનાર તેઓ એકમાત્ર હતા. ગૃહમંત્રીએ કહ્યું કે રાહુલ ગાંધી પોતાની મરજીના માલિક હોઈ શકે છે, પરંતુ ભાજપ પૂર્વોત્તરની સંસ્કૃતિનું અપમાન ક્યારેય સહન કરશે નહીં. તેમણે કહ્યું કે જ્યાં સુધી ભાજપ સત્તામાં છે ત્યાં સુધી રાજ્યની પરંપરાઓનું સન્માન સંપૂર્ણ રીતે સુરક્ષિત રહેશે.

# જૂનાગઢ ખાતે મહા શિવરાત્રિના પર્વની રાજ્ય સરકાર દ્વારા તડામાર તૈયારી શરૂ

ગાંધીનગર,તા.૩૦



આગામી મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે જૂનાગઢ ખાતે યોજાનારા ભવનાથ મહાદેવના ઐતિહાસિક મેળાને લઈ રાજ્ય સરકાર દ્વારા વ્યાપક તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સંતોના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા, જિલ્લા વહીવટીતંત્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોના સંકલનથી દેશના સૌથી મોટા ધાર્મિક મેળાનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવી રહ્યું છે. હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ભવનાથ મહાદેવના દર્શન માટે દર વર્ષે અનેક વર્ષોથી દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. આ વિશાળ જનમેદનીને ધ્યાનમાં રાખીને આ વર્ષે વ્યવસ્થાઓને વધુ મજબૂત અને આધુનિક બનાવવામાં આવી છે. બેઠક દરમિયાન મુખ્યત્વે શ્રદ્ધાળુઓની સુરક્ષા, સુવિધા અને સરળ અવરજવર માટે શું વધુ સારું કરી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, આ વર્ષે મેળાના રૂટમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. રવેડી વિસ્તાર તરફથી અંદાજે ૫૦૦ મીટરનો રૂટ વધારવામાં આવ્યો છે, જેથી ભીડનું સંચાલન સરળ બને અને દર્શનાર્થીઓને કોઈ અસુવિધા ન થાય. આ સાથે સરકાર દ્વારા વધારાની તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# કેનેડામાં રહેતા પંજાબી દંપતીનું શંકાસ્પદ હાલતમાં મોત થતા પોલીસે તપાસ શરૂ કરી

ચંડીગઢ,તા.૩૦



કેનેડાના કેલગરીમાં એક પંજાબી દંપતીનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું છે. ઉત્તરપૂર્વ કેલગરીના રેડસ્ટોન વિસ્તારમાં રહેતા એકમવીર સિંહ અને તેની પત્ની જાસ્મીન કૌરના મૃતદેહ શંકાસ્પદ સંજોગોમાં મળી આવ્યા છે. મૃતક દંપતી મૂળ પંજાબના જગરાવ વિસ્તારના ચોકીમાન ગામના હોવાનું કહેવાય છે અને કેનેડાના રેડસ્ટોન વિસ્તાર નજીક રહેતા હતા. આ ઘટનાથી સ્થાનિક પંજાબી સમુદાયમાં ઊંડો શોક ફેલાયો છે. કેલગરી પોલીસ સેવાએ આ કેસને શંકાસ્પદ જાહેર કર્યો છે અને તેની સંપૂર્ણ તપાસ શરૂ કરી છે. પ્રાથમિક માહિતીના આધારે, પોલીસ સંભવિત ગુનાહિત દૃષ્ટિકોણને નકારી રહી નથી, જોકે મૃત્યુના કારણ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.


# ૪૦ દિવસની અંદર ગાય માતાને રાજ્ય માતા જાહેર કરો : અવિમુક્તેશ્વરાનંદ

લખનૌ,તા.૩૦

પ્રયાગરાજમાં સંગમ સ્નાન વિવાદ બાદ, શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે હવે કાશી તરફથી એક નવી માંગણી ઉઠાવી છે. વહીવટીતંત્ર તરફથી માફી માંગવા વિશે પૂછવામાં આવતા, શંકરાચાર્યએ કહ્યું કે માફી માંગવાનો મુદ્દો હવે અમારી પાછળ છે. અમે ૧૦-૧૧ દિવસ ત્યાં બેઠા હતા ત્યારે પણ પ્રયાસો કરવામાં આવ્યા હતા. હવે, અમે ૧૦-૧૧ માર્ચે સંત સમાજ સાથે લખનૌ જઈશું અને અમારી માંગણીઓ રજૂ કરીશું. તેમણે ૪૦ દિવસની અંદર ગાયને રાજ્ય પ્રાણી જાહેર કરવા માટે અલ્ટીમેટમ આપ્યું છે. હકીકતમાં, સ્વામી અવિમુક્તેશ્વરાનંદ તેમના અનુયાયીઓ સાથે મૌની અમાવસ્યાના દિવસે તેમની પાલખી પર સંગમમાં ડૂબકી લગાવવા માંગતા હતા.

# ગુજરાતમાં દેશના પહેલા 'બેરિયર ફ્રી' ટોલ પ્લાઝાનું ૨ ફેબ્રુઆરીથી ટ્રાયલ


અમદાવાદ,તા.૩૦



નેશનલ હાઈવે પર મુસાફરી કરનારા વાહનચાલકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના હાઈવે આધુનિકીકરણના વિઝન હેઠળ ગુજરાતમાં દેશની પ્રથમ મલ્ટી-લેન બેરિયર-ફ્રી ટોલ કલેક્શન સિસ્ટમ સાકાર થવા જઈ રહી છે. સુરતના કામરેજ પાસે આવેલા ચોર્યાસી ટોલ પ્લાઝા ખાતે ૨ ફેબ્રુઆરીથી આ હાઈટેક સુવિધાનું ટ્રાયલ શરૂ કરવામાં આવશે. અત્યાર સુધી ટોલ પ્લાઝા પર વાહનોએ ઉભા રહેવું પડતું હતું અને બેરિયર ખૂલવાની રાહ જોવી પડતી હતી. પરંતુ નવી સિસ્ટમમાં કોઈ પણ પ્રકારના બેરિયર (આડા અવરોધ) હશે નહીં. વાહનો પોતાની સ્પીડ ઘટાડ્યા વગર જ સીધા પસાર થઈ શકશે. આગામી ૧૫ દિવસમાં આ સિસ્ટમ પૂર્ણ રીતે કાર્યરત થઈ જશે.

# બગદાણા હુમલો કેસમાં જયરાજ આહીર સહિત અન્ય ૧૪ આરોપીઓની SIT દ્વારા ધરપકડ

ભાવનગર,તા.૩૦



ભાવનગર જિલ્લાના બગદાણા ગામમાં ડિસેમ્બર ૨૦૨૫માં થયેલા જીવલેણ હુમલા કેસમાં તાજેતરના વિકાસે સમગ્ર ગુજરાતમાં ચર્ચા જગાવી છે. પ્રખ્યાત લોકસાહિત્યકાર અને 'ડાયરા કિંગ' તરીકે ઓળખાતા માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. હાલમાં જયરાજ ભાવનગર સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. આ કેસમાં અત્યાર સુધીમાં ૧૪ આરોપીઓની ધરપકડ થઈ છે. સમગ્ર મામલો ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બગદાણા આશ્રમના સેવક અને પૂર્વ સરપંચ નવનીત બાલધિયા પર થયેલા હુમલાથી શરૂ થયો. નવનીતે આક્ષેપ કર્યો કે, માયાભાઈ આહીરે એક કાર્યક્રમમાં બગદાણા ધામના મેનેજિંગ ટ્રસ્ટી વિશે ખોટું નામ લીધું હતું. નવનીતે ફોન કરીને સુધારો કર્યો અને માયાભાઈએ માફી માંગતો વીડિયો જાહેર કર્યો. આ વીડિયો પછી જયરાજ આહીરને આ વાત પસંદ ન પડી અને તેમણે નવનીત પર હુમલાનું ષડયંત્ર રચ્યું હોવાનો આરોપ છે. હુમલામાં નવનીતને ગંભીર ઈજાઓ થઈ હતી જેમાં હાથ-પગમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. સોશિયલ મીડિયા અને કોળી સમાજના દબાણ પછી રાજ્ય સરકારે ૫ જાન્યુઆરી ૨૦૨૬એ એસઆઈટીની રચના કરી હતી. તપાસમાં મોબાઈલ કોલ ડેટા, લોકેશન અને અન્ય ટેકનિકલ પુરાવા મુખ્ય બન્યા.

# નાઈજરની રાજધાની નિયામીમાં એરફોર્સ બેઝ પર હુમલો, ૨૦ લોકોના થયા મોત

નિયામી,તા.૩૦



નાઈજરની રાજધાની નિયામીમાં એક મોટો હુમલો થયો છે. ડાયોરી હમાની ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સ્થિત એરબેઝ પર હુમલો કરવામાં આવ્યો છે. નાઈજરના રાજ્ય પ્રસારણકર્તાએ અહેવાલ આપ્યો છે કે બુધવારે રાત્રે સશસ્ત્ર માણસોએ રાજધાનીમાં નાઈજર એરફોર્સ બેઝ પર હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન ભારે ગોળીબાર અને વિસ્ફોટો થયા. નાઈજરના રાજ્ય ટેલિવિઝનએ અહેવાલ આપ્યો કે દેશ સંઘર્ષનો સામનો કરી રહ્યો છે. હુમલાખોરો મોટરસાયકલ પર આવ્યા હતા અને સુરક્ષા દળોએ તેમને ભગાડ્યા હતા. રાજ્ય ટેલિવિઝનએ અહેવાલ આપ્યો કે હુમલામાં ચાર સૈનિકો ઘાયલ થયા છે. જવાબી ગોળીબારમાં વીસ હુમલાખોરો માર્યા ગયા અને ૧૧ અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી. ધરપકડ કરાયેલા મોટાભાગના હુમલાખોરો ઘાયલ થયા. વીડિયો બતાવે છે કે હુમલો મધ્યરાત્રિની આસપાસ થયો હતો. ડાયોરી હમાની આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક વિસ્ફોટ અને ગોળીબાર સંભળાયા હતા.

રહેવાસીઓ અને વિશ્લેષકોએ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે આ ઘટના સશસ્ત્ર જૂથો દ્વારા કરવામાં આવી હોઈ શકે છે. જર્મનીના કોનરાડ એડેનૌર ફાઉન્ડેશનના સાહેલ કાર્યક્રમના વડા ઉલ્ફ લેસિંગના જણાવ્યા અનુસાર, હુમલાખોરો સંભવતઃ એરફોર્સ બેઝ પર ડ્રોનને નિશાન બનાવી રહ્યા હતા. સ્થાનિક મીડિયા અનુસાર, નાઈજરે તાજેતરમાં જેહાદી આતંકવાદીઓ સામેની લડાઈને મજબૂત બનાવવા માટે ઘણા ડ્રોન ખરીદ્યા હતા. લેસિંગે કહ્યું, ડ્રોન બંને પક્ષો - લશ્કર અને જેહાદીઓ - માટે ગેમ ચેન્જર બની ગયા છે.

## છોટા ઉદેપુરથી ગોંડલ જઈ રહેલ કારમાં બે શિક્ષિકા અને એક શિક્ષક હોવાનું ખુલ્યું

# મોટા માંડવા-મોટા દડવા વચ્ચે અકસ્માત બાદ કાર અગનગોળો બની : ત્રણ ભડથું

**હાઇડ્રોલિક અને સાદા કટર વડે ગાડીના દરવાજા કાપી મૃતદેહો બહાર કઢાયા**

ગોંડલ,તા.૩૦

છોટાઉદેપુરથી ગોંડલ તરફ પૂરઝડપે જઈ રહેલી ઓરા કારના ચાલકે મોટા માંડવા-મોટા દડવા વચ્ચે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રોડ પરથી નીચે ઊતરી ૮ ફૂટની ઊંચાઈએથી પુલ નીચે ઊંધી ખાબકી હતી. કાર ઊંધી પડતાં જ ઈંધણ લીકેજ કે શોર્ટસર્કિટના કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. કાર પટકાવાને કારણે તેના દરવાજા જામ થઈ ગયા હતા, પરિણામે અંદર સવાર બે મહિલા સહિત ૩ શિક્ષક બહાર નીકળી શક્યા નહોતાં અને જોતજોતાંમાં કાર આગના ગોળામાં ફેરવાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ગોંડલ નગરપાલિકાના ફાયર જવાનો અજયસિંહ વાળા, જયેશભાઈ સોજીત્રા, દિવ્યરાજસિંહ ઝાલા અને સતુભા જાડેજાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી, પરંતુ ત્યાં સુધીમાં કારસવાર લોકો સંપૂર્ણ બળીને ભડથું થઈ ગયા હતા.



કાર પડીકું વળી ગઈ હોવાથી સ્પેશિયલ રેસ્ક્યૂ ફાયર ફાઈટરની મદદથી હાઈડ્રોલિક અને સાદા કટર વડે ગાડીના દરવાજા કાપવામાં આવ્યા હતા. ભારે જહેમત બાદ અંદરથી હાડપિંજર બની ગયેલા ત્રણ મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, આશાબેનનો દીકરો હેતકુમાર વિજયભાઈ રાઠવા ગોંડલ ગુરુકુળમાં અભ્યાસ કરે છે. ગત રાત્રે ગોંડલ ગુરુકુળમાંથી આશાબેન પર ફોન આવ્યો હતો કે તેમનો દીકરો બીમાર છે, તો આવીને લઈ જાઓ, જેથી આશાબેને રાત્રે જ પુત્રને લેવા માટે ગોંડલ જવાનું નક્કી કર્યું, પરંતુ રાત હોવાથી આશાબેને પોતાની સાથે નોકરી કરતાં નીતાબેનને પણ સાથે આવવા કહ્યું હતું, જોકે વાહનના અભાવે અને બંને મહિલાનું રાત્રે જવું યોગ્ય ન રહેતાં મોટી સઢલી પ્રાથમિક શાળાના ગૃપાચાર્ય પ્રયાગભાઈ પોતાની ગાડી લઈને ત્રણેય જણા રાત્રે જ ગોંડલ જવા રવાના થયા હતા, જોકે આ આશાબેન પોતાના દીકરાને મળે એ પહેલાં જ રસ્તામાં આ અકસ્માત થયો હતો.


**કારમાં સવાર ત્રણેય શિક્ષકોના મોત**

પ્રયાગકુમાર ગણપતસિંહ બારિયા, (ગૃપાચાર્ય, મોટી સઢલી પ્રાથમિક શાળા, છોટાઉદેપુર), આશાબેન સત્યપાલ ચૌધરી, (શિક્ષિકા, ગાંઠિયા પ્રાથમિક શાળા, છોટાઉદેપુર), નીતાબેન એન્થની પટેલ, (શિક્ષિકા, ગાંઠિયા પ્રાથમિક શાળા, છોટાઉદેપુર) સવાર હતા જેમાં ત્રણેયના મોત નિપજતા શિક્ષણ જગતમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

# ઉત્તર-પૂર્વ પવનોને કારણે રાજ્યમાં ઠંડીનો વધારો, ઠંડા પવનોને કારણે લોકો ધ્રુજી ઉઠ્યા

અમદાવાદ,તા.૩૦

ઉત્તર-પૂર્વ દિશાના પવનોને કારણે ઠંડીનો અનુભવ થયો છે, પવનની ગતિ ૧૫ થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની છે, જેના કારણે ઠંડી વધુ અનુભવાઈ રહી છે. હવામાન વિભાગે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપી છે. નલિયામાં સૌથી ઓછું તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. આગામી દિવસોમાં ઠંડી વધુ તીવ્ર બનવાની ધારણા છે. અમદાવાદમાં ૧૨.૮ ડિગ્રી,



ડીસામાં ૧૧.૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪.૫ ડિગ્રી, વડોદરામાં ૧૩.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૦.૫ ડિગ્રી, ભાવનગરમાં ૧૫.૧ ડિગ્રી, કેશોદમાં ૧૦.૪ ડિગ્રી, મુન્દ્રામાં ૧૪ ડિગ્રી, ભુજમાં ૧૧.૨ ડિગ્રી, પોરબંદરમાં ૧૨.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૨.૬ ડિગ્રી અને દીવમાં ૧૧.૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આઈએમડીએ ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ભારે વરસાદ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદ અને જમ્મુ અને કાશ્મીર, લદાખ, તમિલનાડુ અને કેરળમાં ભારે વરસાદની આગાહી કરી છે, જેમાં ૫૫ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

## બાઈકચાલકોની ટક્કર એટલી જોરદાર હતી કે અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા

# બગસરાના હામાપુર ગામ નજીક સામસામે બાઈક અથડાતા બે લોકોના મોત

ધારી, તા.૩૦

અમરેલી જિલ્લાના ધારી-બગસરા રોડ પર હામાપુર ગામ નજીક આજે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. બે મોટરસાયકલ સામસામે પ્રચંડ વેગે અથડાતા સર્જાયેલા આ અકસ્માતમાં બે વ્યક્તિઓના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ, હામાપુર પાસે બંને




બાઈક વચ્ચે ટક્કર એટલી જોરદાર હતી કે અવાજ સાંભળી આસપાસના સ્થાનિકો તુરંત દોડી આવ્યા હતા. અકસ્માતમાં પ્રવીણભાઈ વલ્લભદાસ દાણીધારીયા રહે. બોરડી અને દિનુભાઈ બ્લોચ રહે.જેતપુર નામના વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ઈજાગ્રસ્તોને પ્રથમ ધારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે બાઈકમાં બેઠેલા માધવીબેન, રેણુકાબેન રહે. બોરડી અને રૂકસાનાબેન રહે.જેતપુરવાળાની હાલત વધુ નાજુક જણાતા તેમને વધુ સારવાર અર્થે અમરેલી રીફર કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ

**ત્રણ લોકોને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક અમરેલી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા**

થતા જ ધારી પોલીસનો કાફલો સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માત અંગે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# ઘોઘા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આપઘાત કેસમાં આખરે પીએસઆઈ સામે ફરિયાદ દાખલ

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૩૦

ઘોઘા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલના આત્મહત્યાના કેસમાં આખરે પીએસઆઈ બી.કે. ગોસ્વામી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. મૃતક હેડ કોન્સ્ટેબલના પિતા નિવૃત્ત પોલીસકર્મી છે. તેમણે આ અંગે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પીએસઆઈ સામે મરવા મજબૂર




કરવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. નોંધનીય છે કે, કરણી સેના દ્વારા આપવામાં આવેલું ૭૨ કલાકનું અલ્ટીમેટમ પૂર્ણ થાય તે પહેલા જ તંત્ર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટનાની વાત કરીએ તો, ગત ૨૧મી જાન્યુઆરીના રોજ હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલે ફરજ દરમિયાન ભૂતેશ્વર ગામ નજીક પોતાની કારમાં ઝેરી દવા પી લીધી હતી. જે બાદ તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ૨૨ જાન્યુઆરીના રોજ તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જે બાદ આખા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. આ બનાવ બાદ મૃતકના પરિવારજનોએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# કેશોદ સોની બજારમાં સેન્ટ્રલ જીએસટીએ પાડ્યા દરોડા, વેપારીઓમાં ફેલાયો ફફડાટ

જૂનાગઢ,તા.૩૦

જૂનાગઢ જિલ્લાના કેશોદ શહેરની સોની બજારમાં સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીથી ભારે ચકચાર મચી ગઈ હતી. સેન્ટ્રલ જીએસટીની ટીમે અચાનક દરોડા પાડતાં અનેક વેપારીઓએ ભયના માહોલમાં પોતાની દુકાનો બંધ કરી દીધી હતી. પ્રાપ્ત માહિતી મુજબ કેશોદના જાણીતા એ.જે. જ્વેલર્સ



તથા ધકાણ જ્વેલર્સ ખાતે સેન્ટ્રલ જીએસટી વિભાગની ટીમે તપાસ હાથ ધરી હતી. બંને જ્વેલર્સના શોરૂમ તેમજ શોપમાં ટીમ દ્વારા મોડી સાંજ સુધી ચકાસણી ચાલી હતી. તપાસ દરમિયાન ખાતા-વહી, બિલિંગ, સ્ટોક રજિસ્ટર તેમજ અન્ય મહત્વપૂર્ણ દસ્તાવેજોની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી. સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા આ કાર્યવાહી શા માટે કરવામાં આવી છે અને તપાસ બાદ શું પરિણામ આવશે તે અંગે હાલ કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. બંને જ્વેલર્સ ખાતે ચાલી રહેલી તપાસમાં આગળ શું કાર્યવાહી થશે તેની તરફ વેપારીઓ તેમજ શહેરવાસીઓની નજર મંડાયેલી છે.

# સુરેન્દ્રનગરમાં ૧૬ વર્ષીય સગીરને ત્રણ લોકોએ છરીના ઘા ઝીંકી રહેંસી નાખ્યો

(એચ.એસ.એલ),સુરેન્દ્રનગર,તા.૩૦

રતનપર બાયપાસ રોડ પર આવેલા મેક્શન સર્કલ પાસે દિનદહાડે સગીરની હત્યા નિપજાવતા ચકચાર મચી જવા પામી છે. બેથી ત્રણ અજાણ્યા શખ્સોએ છરીના ઘા ઝીંકી ૧૬ વર્ષના કિશોરની હત્યા નિપજાવી ભાગી છૂટ્યાનું સામે આવ્યું છે. આ અંગે પોલીસે અજાણ્યા લોકો સામે હત્યાનો ગુનો નોંધીને વધુ



તપાસ શરૂ કરી છે. પોલીસે અલગ અલગ ટીમો બનાવીને ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. તો બીજી બાજુ મૃતક કિશોરના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, ૧૬ વર્ષના ધનરાજ કુણપરા પર બેથી ત્રણ અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ છરીના ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતાર્યાની માહિતી મળી હતી. પ્રાથમિક તપાસમાં અંગત અદાવતમાં આ ખૂની ખેલને અંજામ આપવામાં આવ્યો હોવાનું અનુમાન છે.

# ડ્રગ્સની ૭૯ કેપ્સ્યુલ ગળી અમદાવાદ એરપોર્ટ પર આવેલી યુગાન્ડાની મહિલાને ૨૦ વર્ષની સજા

અમદાવાદ,તા.૩૦

ફેબ્રુઆરી ૨૦૨૨માં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા એક મોટા ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ડીઆરઆઈને અગાઉથી મળેલી ચોક્કસ બાતમીના આધારે શારજાહથી એર અરેબિયાની ફ્લાઈટ નંબર G૯૪૮૧ દ્વારા અમદાવાદ આવેલી યુગાન્ડાની નાગરિક મુકાકીબીબી હાનાને એરપોર્ટ પર અટકાવવામાં આવી હતી. શંકાના આધારે વધુ તપાસ કરવામાં આવી હતી, જેમાં મહિલાએ ૭૯ ડ્રગ્સની કેપ્સ્યુલ ગળીને લાવ્યાનું બહાર આવ્યું હતું. મહિલાની સંમતિ બાદ તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાઈ હતી ત્યાં એક્સ-રે લેવામાં આવ્યો હતો. સમાજમાં કાયદાનો ભય રહે અને ડ્રગ્સ જેવી સામાજિક બુરાઈ સામે કડક સંદેશ જાય તે હેતુથી આરોપી મહિલાને ૨૦ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી જેલમાં મોકલી આપવામાં આવી છે.

# સિંગતેલ તેમજ કપાસિયા તેલના ભાવમાં વધારો થતાં ગૃહિણીઓમાં દેકારો

રાજકોટ,તા.૩૦

રાજકોટમાં સિંગતેલ સહિતના ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે. સાત દિવસમાં બીજી વખત સિંગતેલમાં ડબ્બે ૩૦ રૂપિયાનો વધારો થતા ડબ્બો ૨૯૦૦ ને પાર થયો છે. ૩૦ દિવસમાં સિંગતેલના ડબ્બે ૧૮૦ રૂપિયાથી વધુનો ભાવ વધ્યો છે. સિંગતેલ સાથે કપાસિયા તેલના ભાવમાં પણ વધારો થયો છે. કપાસિયા તેલ ૧૫ રૂપિયા ભાવ વધી ૨૩૮૫ પહોંચ્યું છે. મગફળીના વિક્રમી પાક છતાં ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાદ્યતેલના ભાવોને કાબુમાં લેવામાં પુરવઠા વિભાગ નિષ્ફળ નિવડ્યું છે. સાત દિવસ પહેલા રાજકોટ સહિતના મુખ્ય માર્કેટમાં એક જ દિવસમાં સિંગતેલના ડબ્બાના ભાવમાં ૪૦ રૂપિયાનો વધારો થયો હતો.







